Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 75 Dt.09-01-2023 (Monday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# રાજકોટથી નેપાળ જતી ખાનગી બસને અકસ્માતઃ ૪ના મોત





## આજે વહેલી સવારે લખનૌ નજીક સામેથી આવતા વાહન સાથે બસની ટક્કરઃ અનેક ઘાયલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૯

ઉત્તરપ્રદેશના આગ્રા એક્સપ્રેસ હાઇ-વે પર આજે વહેલી સવારે પોણા ચારેક વાગ્યે રોડ પર બંધ ઉભેલા ટ્રક સાથે સ્લીપર કોચ બસ અથડાતાં ત્રણ નેપાળી લોકોના મોત નિપજ્યા છે. આ બસ શનિવારે સાંજે માધાપર ચોકડી રાજકોટથી નેપાળી જવા માટે ઉપડી હતી. જેમાં તમામ મુસાફરો નેપાળી હતાં. દર મહિને આ રીતે બસ નેપાળ જાય છે અને ત્યાંથી રાજકોટ સૌરાષ્ટ્રમાં નોકરી ધંધો કરતાં નેપાળીઓને લઇને પાછી આવતી હોય છે. આજે વહેલી સવારે બસ આગ્રા લખનૌ એક્સપ્રેસ વે પર ઉન્નાવ જીલ્લાની હદમાં હતી ત્યારે ધુમ્મસને કારણે આ અકસ્માત સર્જાયો હતો. જેમાં રાજકોટથી ઉપડેલી ટ્રાવેલ્સ બસના એજન્ટ નેપાળી પ્રૌઢ તથા એક મહિલા અને અન્ય એક નેપાળી યુવાનના મોત થયાનું જાણવા મળ્યુ છે. જ્યારે દસ જેટલા મુસાફરોને ઇજાઓ થઇ હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજકોટ તથા આસપાસના વિસ્તારમાં રહી નોકરી ધંધો કરતાં નેપાળી લોકોને વતનમાં જવું હોય તો દર મહિને માધાપર ચોકડીથી એક સ્લીપર ટ્રાવેલ્સ બસ ઉપડે છે. જેનું સંચાલન નેપાળી પ્રૌઢ એજન્ટ તરીકે કરતાં હોય છે. આવી જ એક બસ નં. આરજે ૨૭પીએ-૫૭૦૩ શનિવારે સાંજે રાજકોટ માધાપર ચોકડીથી નેપાળ લખીમપુર ખીરીના તિકુનીયા બોર્ડર-નેપાળ જવા માટે ઉપડી હતી. જેમાં જય ભવાની લખેલુ હતું અને ત્રીસથી વધુ નેપાળી મુસાફરો હતાં. જે રાજકોટમાં અલગ અલગ જગ્યાએ રહે છે. તેઓ વતનમાં જઇ રહ્યા હતાં. આ બસ આજે વહેલી સવારે પોણા ચારેક વાગ્યે યુપીમાં આગરા-લખનૌ એક્સપ્રેસ-વે પર પહોંચી ત્યારે આગળ બંધ ઉભેલા ટ્રકના ઠાઠામાં ધડાકાભેર અથડાતાં મુસાફરોની ચિચીયારીઓ ગુંજી ઉઠી હતી.

આ અકસ્માતમાં ત્રણ નેપાળી લોકોના મોત નિપજ્યાનું જણાવાઇ રહ્યુ છે. મૃતકોમાં રાજકોટ નાનામવા રોડ પર પર ગાંધી સ્કૂલ નજીક પંચશીલ એપાર્ટમેન્ટના ચોકીદારના રૂમમાં રહેતાં અને ટ્રાવેલ્સ એજન્ટ તરીકે કામ કરતાં ચંદર સાઉદ (ઉ.વ.૫૦) તથા રાજકોટ રહેતાં લલીત સાઉદ (ઉ.વ.૩૫), માન સાઉદ (ઉ.વ.૪૦) અને એક મહિલા કે જે ભીમનગર પાસે રહેતાં હતાં તેનું મોત થયાનું જણાવાઇ રહ્યું છે. જેનું નામ નિર્મલા બોહરા નેપાળી હોવાનું જણાવ્યું હતું. બનાવની જાણ થતાં રાજકોટ રહેતાં મૃતકોના નેપાળી પરિવારજનો, પરિચીતોમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટવાસીઓને નજીકના ભવિષ્યમાં જ મળશે આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સુવિધા





## એરપોર્ટ પ્રોજેક્ટની ઓવરઓલ ૯૦ ટકા અને બોક્સ કલવર્ટ સહિત રન-વે, એપ્રન,પાર્કિંગ ટેક્સી ટ્રેક, કમ્યુનિકેશન બિલ્ડીંગ સહિતની કામગીરી ૧૦૦ ટકા તથા બાઉન્ડ્રી વોલની ૯૦ ટકા જમીન સમથળ કરવાની કામગીરીની ૯૫ ટકા પૂર્ણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

કલેકટર અરૂણ મહેશ બાબુએ રાજકોટના હિરાસર ખાતે નિર્માણ પામી રહેલ આંતર રાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ એરપોર્ટની સ્થળ મુલાકાત કરી સમગ્ર પરિસ્થિતિ અંગે સમીક્ષા બેઠક કરી વિવિધ વિભાગોની બાકી રહેલી કામગીરી વહેલી તકે પૂર્ણ થાય તે માટે એરપોર્ટ અધિકારીઓ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

કલેકટર સાથે પ્રાંત અધિકારી સંદીપ વર્મા સહીત વિવિધ વિભાગના અધિકારીઓએ એપ્રોચ રોડથી રન-વે સુધીની તમામ સાઈટની મુલાકાત લીધી હતી. આ તકે એરપોર્ટ ઓથોરિટીના જનરલ મેનેજર લોકનાથ પાધે અને ડેપ્યુટી જનરલ મેનેજર અમિતાભ ચક્રવર્તીએ પ્રગતિ હેઠળના પ્રોજેક્ટની કામગીરીથી કલેકટરને તથા અન્ય અધિકારીઓને વાકેફ કર્યા હતા.

અધિકારી પાધેના જણાવ્યા મુજબ એરપોર્ટ ખાતે હાલ ૯૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જેમાં બોક્સ કલવર્ટ સહિત રન-વે, એપ્રન, પાર્કિંગ ટેક્સી ટ્રેક, કમ્યુનિકેશન બિલ્ડીંગ સહિતની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થઈ ચૂકી હોવાનું તેમજ બાઉન્ડ્રી વોલની કામગીરી ૯૦ ટકા, જમીન સમથળ કરવાની કામગીરીની ૯૫ ટકા અને ઇન્ટરીમ ટર્મિનલ અને ફાયર સ્ટેશનની કામગીરી આ માસના અંતે પૂર્ણ થઈ જશે. મેઈન ટર્મિનલ બિલ્ડીંગ તૈયાર થાય તે પૂર્વે મોબાઈલ ટાવર ટર્મિનલ આવી પહોંચ્યો છે.

એપ્રોચ રોડ પર ડેકોરેટિવ એન્ટ્રી ગેટ તેમજ પ્લાન્ટેશનની

(અનુ.પાના નં.૪ ઉપર)

# અમદાવાદ હાઇ-વે પર ટ્રક પાછળ ખાનગી બસ ઘૂસી જતા બસનો કૂચો બોલી ગયો



## ૧૦થી વધુ ગંભીર રીતે ઘાયલ

(એજન્સી સમાચાર)
સુરેન્દ્રનગર, તા.૯

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી-અમદાવાદ હાઇ-વે પર ખાનગી લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં ૧૦થી વધુ મુસાફરો ઇજાગ્રસ્ત બન્યા હતા.

લીંબડીના જનશાળી ગામના પાટિયા પાસે ઊભેલી બંધ ટ્રક પાછળ ખાનગી લક્ઝરી બસ ઘૂસી જતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. એમાં બસમાં અંદાજે ૪૦ લોકો સવાર હતા, જેમાં ૧૦થી વધુ મુસાફરોને ઈજાઓ પહોંચતાં ૪ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

(અનુ.પાના નં.૪ ઉપર)

# દિલ્હી-ઉતર ભારતમાં કોલ્ડ એટેકઃ 300 ટ્રેન રદ



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી તા.૯

દિલ્હી સહિત સમગ્ર ઉતર ભારતમાં કાતિલઠંડી તથા ગાઢ ધુમ્મસમાંથી કોઈ રાહત નથી તેથી પાટનગરના લોકો કોલ્ડ-એટેકનો સામનો કરી રહ્યા છે. ગાઢ ધુમ્મસને કારણે વાહનોની રફતાર પણ થંભી ગઈ છે. સંખ્યાબંધ શહેરો-સ્થળોએ વિઝીબીલીટી ઝીરો રહેતા 300 થી વધુ ટ્રેનો રદ કરી દેવામાં આવી હતી.જયારે સંખ્યાબંધ શહેરો-સ્થળોએ વિજીબીલીટી ઝીરો રહેતા 300 થી વધુ ટ્રેનો રદ કરી દેવામાં આવી હતી. જયારે સંખ્યાબંધ કલાકો સુધી મોડી હતી. હવામાન વિભાગે દિલ્હી માટે ઓરેંજ એલર્ટ જાહેર કર્યું છે. કાતિલ ઠંડી વચ્ચે ગાઢ ધુમ્મસથી વિઝીબીલીટી ઝીરો થઈ જતાં લાઈટ-ઈન્ડીકેટર સાથે પણ વાહનો ચલાવવાનું અશકય બન્યુ હતું.વિમાની ઉડ્ડયનોને પણ અસર થઈ હતી.

હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે વહેલી સવારે દિલ્હીના કેટલાંક ભાગો ઉપરાંત પંજાબનાં

(અનુ.પાના નં.૪ ઉપર)

# હાશ..ઠંડીમાં થોડો ઘટાડોઃ ગિરનાર પર્વત ઉપર ૧૩.૪ ડિગ્રી તાપમાન

## રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગરમાં ૧૭, ભાવનગરમાં ૧૬ ડિગ્રી ઠંડીઃ પોરબંદર, દ્વારકામાં ૧૮, જૂનાગઢમાં ૧૮.૪



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

થોડા ઘણા દિવસોથી ઉતરોતર વધી રહેલ ઠંડીથી સૌરાષ્ટ્ર ઠંડુગાર બન્યું હતું. આજ ઠંડીમાં થોડો ઘટાડો નોંધાયો હતો અને ગિરનાર પર્વત ઉપર ૧૩.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગરમાં ૧૭ ભાવનગરમાં ૧૬ ડિગ્રી ઠંડી જ્યારે પોરબંદર, દ્વારકામાં ૧૮, જૂનાગઢમાં ૧૮.૪, ઓખામાં ૨૧ ડિગ્રીથી રાહત અનુભવાય હતી.

આગામી પાંચેક દિવસ બાદ ઠંડીમાં વધુ ઘટાડો થવાનો હવામાન ખાતાએ વર્તારો આપ્યો છે જ્યારે રાજ્યમાં દાહોદ સૌથી ઠંડુ શહેર નોંધાયું હતું. સૌરાષ્ટ્રમાં શિયાળાના બીજા રાઉન્ડની શરૂઆતમાં લોકો ઠંડીથી થરથર ધ્રુજ્યા બાદ હવે લઘુતમ તાપમાનનો પારો ઉંચકાતા ઠંડી ઘટી છે.

ગિરનાર પર્વત પર એક સમયે તાપમાનનો પારો ગગડીને ૪ ડિગ્રીએ પહોંચી ગયો હતો ત્યાં હાલ ૧૩.૪ ડિગ્રી ઠંડી પડી રહી છે. જેનાથી પર્વતારોહકોને ભારે રાહત થઇ છે.

ઠંડી જોઈએ તો શહેરોમાં સૌથી ઠંડુ ભાવનગર અને મહુવા રહ્યું

(અનુ.પાના નં.૪ ઉપર)

## રાજકોટમાં ૧૭.૨ ડિગ્રી તાપમાનઃ સતત બીજા દિવસે ઠંડીમાં ઘટાડો

રાજ્યમાં તાપમાન ૨-૩ ડિગ્રી ઘટતાં ઠંડીમાં સાધારણ ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાં ઠંડીમાં થઇ રહેલા ઘટાડાનો ક્રમ સતત બીજા દિવસે જારી રહ્યો છે. ગત રાત્રીએ રાજ્યભરમાં સરેરાશ લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રીથી વધારે નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૩ દિવસ લઘુતમ તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના નહિવત છે. જો કે, ત્યારબાદના બે દિવસમાં લઘુતમ વધારો થઇ શકે છે. ગત રાત્રીએ ૧૨.૫ ડિગ્રી સાથે નલિયામાં સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. નલિયાના સરેરાશ લઘુતમ તાપમાનમાં ચાર દિવસમાં ૧૦ ડિગ્રી જેટલો વધારો નોંધાયો છે. રાજકોટમાં ૧૭.૨ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ચાર ડિગ્રીનો વધારો નોંધાયો હતો.




# ઈલેક્ટ્રોનિક આઈટમો, પ્લાસ્ટિક ગૂડઝ અને જવેલરી મોંઘા થઈ શકે

## કેન્દ્રીય બજેટમાં ૩૫ જેટલી આઈટમો પર કસ્ટમ ડ્યુટી વધારવામાં આવે તેવી શકયતા



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૯

આગામી કેન્દ્રીય બજેટ દ્વારા અર્થતંત્રને વધુ વેગવંતુ બનાવવાનો પ્રયાસ થવાનો છે અને બીજી બાજુ અગાઉ જાહેર થયા મુજબ આમ આદમીને રાહત અને નોકરીયાત વર્ગને પણ રાહત આપવા માટેના પગલાં લઈ શકાય છે.

આગામી કેન્દ્રીય બજેટમાં ૩૫ જેટલી આઈટમો પર કસ્ટમ ડ્યુટીમાં વધારો થઈ શકે છે તેવી શકયતા વ્યકત કરવામાં આવી છે અને તેને પગલે ઈલેકટ્રોનિક આઈટમો, જવેલરી પ્લાસ્ટિક ગુડ સહિતની ચીજો મોંઘી થઈ શકે છે અને કસ્ટમ ડ્યુટી વધારીને કેન્દ્ર સરકાર મહેસૂલી આવક વધારવા અને બીજી બાજુ કલ્યાણકારી યોજનાઓ આપવા માટેનો પ્રયાસ કરશે. કેન્દ્રીય નાણામંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ કામે લાગેલા છે અને બજેટને તૈયાર કરી રહેલી નિષ્ણાંતોની ટુકડી કામે લાગી ગઈ છે અને હવે બજેટના કામને આખરી ઓપ આપવામાં આવી રહ્યું છે અને એ પહેલા અનેક સંકેતો પણ બહાર આવી ગયા છે કે બજેટમાં શું આવવાનું છે.

૩૫ જેટલી આઈટમ પર કસ્ટમ ડ્યુટી વધારવામાં આવે તેવી શકયતા વચ્ચે આ તમામ સુચિત આઈટમોના ભાવમાં વધારો થઈ શકે છે અને ખાસ કરીને પ્લાસ્ટિક ગુડસ પર કસ્ટમ ડ્યુટી વધારીને પ્લાસ્ટિકનો ઉપયોગ રોકવાનો પણ સરકારનો પ્રયાસ છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426

# ગુજરાતમાં બાળકી પર દુષ્કર્મ છેડતીના ત્રણ વર્ષમાં ૭,૦૪૧ કેસ : માત્ર ૧૯૫ ને સજા




## અદાલતોમાં પોક્સોના ૧૨ હજારથી વધુ કેસ પડતર : ૨૩૯૦ કેસમાં આરોપીઓ સામે ચાર્જશીટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજ્યમાં દરરોજ ૬ થી ૭ જેટલી બાળકીઓ ભોગ બને છે ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી છે તેમાં ગુજરાતમાં બાળકી પર દુષ્કર્મ છેડતીના ત્રણ વર્ષમાં ૭,૦૪૧ કેસ નોંધાયા છે આમાથી ૧૯૫ ને સજા થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. અદાલતોમાં પોક્સોના ૧૨ હજારથી વધુ કેસ પડતર હોવાનું અને ૨૩૯૦ કેસમાં આરોપીઓ સામે ચાર્જશીટ થઈ હોવાનું નોંધાયું છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ના અરસામાં એટલે કે ત્રણ વર્ષમાં પોક્સો અંતર્ગત નાની બાળકીની છેડતી કે દુષ્કર્મની ૭,૦૪૧ ઘટના બની છે. આ અરસામાં કુલ ૧૯૫ આરોપીને સજા ફટકારવામાં આવી છે, છેલ્લા વર્ષમાં ૨૦૨૧ માં કોર્ટોમાં પડતર કેસોની સંખ્યા ૧૨,૬૪૭ છે. પડતર કેસનો આંકડો વધુ છે જ્યારે એવા પણ કિસ્સા છે. જેમાં જે તે આરોપી પુરાવાના અભાવે કે શંકાના આધારે છુટી જાય છે. વર્ષ ૨૦૨૧ની વાત કરીએ તો ગુજરાતમાં ૨,૪૪૩ પોક્સોના કેસ નોંધાયા છે એટલે કે દર રોજ ૬ થી ૭ એટલે કે દર ૭ ઘટના બની છે. વર્ષ ૨૦૨૧ માં પોક્સોના કેસ મામલે ગુજરાત દેશમાં આઠમા ક્રમે આવે છે. ૨૦૨૧ માં ૨૩૯૦ કેસમાં આરોપીઓ સામે ચાર્જશીટ કરવામાં આવી હતી અને એટલા જ કેસ ટ્રાયલ ચલાવવા માટે મોકલવામાં આવ્યા છે. આ સમય ગાળામાં ૭૧ કેસમાં સજા થઈ હતી જેમાં ૭૯ આરોપીનો સમાવેશ થાય છે.વર્ષ ૨૦૨૧ માં પોલીસે જે તે કેસમાં ૨,૯૭૮ આરોપીની ધરપકડ કરી હતી જ્યારે ૨૯૭૧ આરોપી સામે ચાર્જશીટ થઈ હતી. ગુજરાતમાં વર્ષ ૨૦૨૦ માં કોરોનાના કારણે કોર્ટની કામગીરી ઠપ્પ થઈ હતી એટલે કોર્ટોમાં કેસ ચાલ્યા ન હોતા એટલે આ અરસામાં ૨૩ કેસમાં કુલ ૨૭ આરોપીઓને સજા ફટકારવામાં આવી હતી એ પહેલાં વર્ષ ૨૦૧૯ માં ૭૪ કેસમાં સજા ફરમાવવામાં આવી હતી,જેમાં ૮૯ આરોપી સામેલ છે. ગુજરાતમાં પોક્સો અંતર્ગત વર્ષ ૨૦૧૯ માં ૨,૭૭૩ ની ધરપકડ થઈ હતી,એ જ રીતે વર્ષ ૨૦૨૦ માં ૨૯૮૫ અને ૨૦૨૧ માં ૨૯૭૮ આરોપીની ધરપકડ થઈ હતી. દેશમાં વર્ષ ૨૦૨૧ માં પોક્સોના ૫૩ હજારથી વધુ કેસ નોંધાયા હતા,ઉત્તર પ્રદેશ,મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. આ માહિતી કેન્દ્ર સરકારના એક રિપોર્ટમાં સામે આવી હતી,રિપોર્ટના આંકડા જોતાં ગુજરાતમાં નાની બાળકીઓ પર દુષ્કર્મ કે છેડતીના કેસમાં વધારો જોવા મળ્યો છે. નાની બાળકીઓ પર વધતા જતા છેડતીના કેસો ચિંતાનો વિષય બનવા પામ્યો છે.


-:અહેવાલઃ-
ગિરીશ ભરડવા



**પોક્સોના ક્યાં કેટલા કેસ**

| | |
|---|---|
| ઉત્તર પ્રદેશ | ૭,૧૨૯ |
| મહારાષ્ટ્ર | ૬,૨૦૦ |
| મધ્યપ્રદેશ | ૬,૦૭૦ |
| તામિલનાડુ | ૧૪,૪૬૫ |
| કર્ણાટક | ૨,૮૧૩ |
| કેરળ | ૨,૬૪૭ |
| ઓડિસા | ૨,૪૯૮ |
| ગુજરાત | ૨,૪૪૩ |

**ગુજરાતમાં પોક્સોના કેસ**

| | |
|---|---|
| ૨૦૧૯ | ૨,૨૫૩ |
| ૨૦૨૦ | ૨,૩૪૫ |
| ૨૦૨૧ | ૨,૪૪૩ |
| ૨૦૨૨ | ૨,૬૨૮ |

# દસ વર્ષથી એક જ સ્થળે રહેતા લોકોને આધારમાં કે.વાય.સી.અપડેટ કરાવવા કલેકટરનો અનુરોધ

## કલેક્ટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને જિલ્લા આધાર મોનિટરિંગ કમિટીની યોજાઈ બેઠક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને જિલ્લા આધાર મોનિટરિંગ કમિટીની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં આધાર કાર્ડમાં ડોક્યુમેન્ટ અપડેશન, ૦ થી ૫ વર્ષના બાળકોના આધાર કાર્ડ સરળતાથી બની શકે તે માટેનું આયોજન, મોબાઈલ એપ્લિકેશન દ્વારા જીવન પ્રમાણ અને યુ.આઇ.ડી.એ.આઇ.ની સાઈટ દ્વારા અપડેશનની કામગીરી વિશે ચર્ચા કરવામાં આવી હતી.



આ તકે કલેક્ટર અરૂણ મહેશ બાબુએ આધાર અપડેશનમાં નવા આવેલ સુધારા પ્રમાણે રાજકોટ જિલ્લાના એક જ સ્થળે એટલે કે એક જ સરનામે ૧૦ વર્ષ કે તેથી વધુ સમયથી રહેતા લોકોને આઈડી અને એડ્રેસ પ્રૂફ દ્વારા આધાર સેન્ટર પર આવીને કેવાયસી અપડેટ કરાવવા અનુરોધ કર્યો હતો. આધાર મોનિટરિંગ કમિટી દ્વારા જિલ્લા કક્ષાએ આધારકાર્ડની કામગીરીની સમીક્ષા તેમજ નવા આધાર કાર્ડની કામગીરી પર દેખરેખ રાખવા સહિતની કામગીરી અંગે વિશેષ માહિતી પુરી પાડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આધાર કાર્ડ ભારતીય નાગરિકની ઓળખનું મહત્વનું પ્રમાણપત્ર છે ત્યારે આઇ.સી.ડી.એસ.,તલાટી ઓફિસ,પોસ્ટ ઓફિસ,બેંક, કોર્પોરેશન સ્તરે વિવિધ વોર્ડ ઓફિસમાં આધારકાર્ડની કામગીરી કરવામાં આવે છે તો વધુને વધુ લોકો લાભ લઇ આધારકાર્ડ બનાવી અને સાથે જ આવશ્યક સુધારા પણ કરાવી શકે છે.

આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર કે.બી.ઠકકર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી બ્રિજેશ કાલરીયા, પ્રાંત અધિકારીઓ, યુ.આઇ.ડી.એ.આઇ.ના અશ્વિન દેસાઈ, પોલીસ, આઇ.સી.ડી.એસ., આરોગ્ય વગેરે વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર યુનિ.માં આજથી રેગ્યુલર-રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષાનો પ્રારંભ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આજથી રેગ્યુલર અને રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઈ છે. જેમાં બી.એડ. સેમેસ્ટર-૧ના જનરલના ૩,૯૯૬ જયારે બેઝિકના ૫૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. આ સાથે જ એલ.એલ.બી. સેમેસ્ટર-૧માં રેગ્યુલર ૨,૩૫૨, એમ.બી.એ. સેમેસ્ટર-૧ના ૬૨ તો બેંકિંગ એન્ડ ફાઇનાન્સના ૧૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. ઉપરાંત એમ.જે.એમ.સી. સેમેસ્ટર-૨માં વર્ષ ૨૦૧૬માં નોંધાયેલા અને નાપાસ થયેલા ૨ તો એમએસસી. ઈ.સી.આઈ. સેમેસ્ટર-૫ના ૧ વિદ્યાર્થી માટે સ્પેશિયલ પરીક્ષા લેવામાં આવી રહી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઇ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

# સૌરાષ્ટ્રના દરેક ગામો સિંચાઈની ઉત્તમ સગવડોથી હરિયાળા બનશે

## તમામ ગામોને પાણી પૂરું પાડવા સમીક્ષા બેઠક યોજતા પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના નવ નિયુક્ત કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ સૌરાષ્ટ્રમાં આવેલા જળ વ્યવસ્થાપનની સમીક્ષા અર્થે વિંછીયા તાલુકાના અમરાપુર ખાતે બેઠક યોજી હતી.

આ બેઠકમાં મંત્રી બાવળીયાએ જસદણ તાલુકા સહિત સૌરાષ્ટ્રના દરેક ગામોને સિંચાઈની ઉત્તમ સગવડો પૂરી પાડવા સૌરાષ્ટ્રભરમાં ચેકડેમો ઊંડા કરવાથી લઈને ડેમની સેફ્ટી, જૂના ચેકડેમોની મરામત અને નવા ચેકડેમો કઈ કઈ જગ્યાએ બનાવી શકાય તે માટે ચર્ચાઓ કરી હતી. જસદણ તેમજ વિંછીયા પંથકમાં આવેલા ચેકડેમોની સ્થિતિ, નિર્માણાધિન ચેકડેમો, ચેકડેમોની મરામત, મિકેનિકલ વર્ક, ડેમ સેફ્ટી સહિતના કામોની જાણકારી અધિકારીઓ પાસેથી મેળવી હતી.

જળ વ્યવસ્થાપનમાં પ્રગતિ હેઠળના કાર્યો ગુણવત્તા યુક્ત અને સત્વરે થાય તે બાબત પર ભાર મુકતાં સુજલામ સુફલામ્ યોજના જેવી તળાવ અને ડેમ આધારિત જુદી જુદી સિંચાઈની યોજનાઓ દ્વારા સિંચાઈ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરી શકાય તે માટે જરૂરી ચર્ચા વિચારણા કરી તલસ્પર્શી માર્ગદર્શન આપીને જરૂરી સૂચનો પુરા પાડ્યા હતા.

આ બેઠકમાં વિંછીયા મામલતદાર એન.ડી.ગામી, કાર્યપાલક ઈજનેર, સિંચાઈ વિભાગના સર્વે અધિકારી પ્રેક્ષા ગોસ્વામી, વિવેક ગોહિલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જરૂરીયાતમંદ નાગરિકોને અનાજ વિતરણ માટે સ્થળ ઉપર જ રાશનકાર્ડ કાઢી આપવા તાકીદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

ગુજરાતના રાજ્યના નવ નિયુક્ત કેબિનેટ મંત્રી તથા જસદણના ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષ સ્થાને તાલુકા સેવા સદન,જસદણ ખાતે જસદણ - વિંછીયા તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.


સંકલન સમિતિમાં લોકહિતના પ્રશ્નોની ચર્ચા કરતા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા

આ બેઠકમાં મંત્રીએ જસદણ અને વિંછીયા તાલુકા અને શહેરના જુદા જુદા પ્રશ્નો જેવા કે, ચુકવવાના બાકી લાઈટબીલ, આટકોટ રોડના રસ્તાનું સમારકામ, સ્ટેટ હાઈવેના રસ્તાનું સમારકામ, સ્ટ્રીટ લાઈટ, પેવર બ્લોક, નલ સે જલ યોજના, ફિલ્ટર પ્લાન સહિતના પ્રજાલક્ષી વિકાસકામો સત્વરે પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી. મંત્રીએ જરૂરીયાતમંદ ગરીબ નાગરિકો પ્રત્યે સંવેદના દાખવી જે લોકો પાસે રાશનકાર્ડ ન હોય તેવા નાગરિકોને પણ જીવન જરૂરી રાશન મળે તે હેતુસર સંબંધિત અધિકારીઓએ રૂબરૂ સ્થળ મુલાકાત કરી તેવા નાગરિકો શોધીને સ્થળ ઉપર જ રાશનકાર્ડ કાઢી આપવા અથવા અન્નબ્રહ્મ યોજના હેઠળ આવરી લઈ જરૂરિયાત મંદ તમામ નાગરિકોને જરૂરી રાશન મળી રહે તે માટે પુરવઠા વિભાગના અધિકારીઓને સૂચિત કર્યા હતા. ગોડાઉનમાં પડેલા પુરવઠાની જાળવણી થાય તે માટે અધિકારીઓને રૂબરૂ જઈ અનાજના જથ્થાની ચકાસણી કરવા મંત્રી બાવળિયાએ જણાવ્યું હતું. નાગરિકોની સુરક્ષા માટે આટકોટ, ભાડલા, વિંછીયા, જસદણ સહિતના વિસ્તારોમાં પોલીસ વિભાગ દ્વારા નાઈટ પેટ્રોલિંગ કરી રાત્રીના સમયે નીકળતાં શંકાસ્પદ વાહનોનું સઘન ચેકીંગ કરવા પણ તેમણે સૂચના આપી હતી.

મંત્રીએ આપેલ માર્ગદર્શન બાદ પ્રશ્નોના નિરાકરણ માટે જસદણ પ્રાંત અધિકારી રાજેશ આલએ જે તે વિભાગના પ્રજાલક્ષી જરૂરી પ્રશ્નો સત્વરે ઉકેલી, ભોમા નદી ઉપર રિવરફ્રન્ટ બનાવવા માટે જરૂરી એક્શન પ્લાન, દબાણો હટાવવા તથા સરકારી દરેક વિભાગમાં ફાયર મોકડ્રીલ યોજવા સહિતના પડતર પ્રશ્નોનો યોગ્ય ઉકેલ સત્વરે લાવવા તથા સમયસર નક્કર પગલાઓ લેવા સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં જસદણ-વિંછીયાના મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ,ચીફ ઓફિસરો, સી.ડી.પી.ઓ., તાલુકા આરોગ્ય અધિકારીઓ,અધિકારી, ખેતીવાડી અધિકારી સહિતના વિભાગના અધિકારીઓ,કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## મહાનરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા

# રસ્તા પર નડતરરૂપ કેબીનો જપ્ત કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૫ થી ૯ જાન્યુઆરી સુધીમાં શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્ત તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જેમ કે, રસ્તા પર નડતર ૧૯ પુષ્કરધામ મેઈન રોડ, કાન્તાવિકાસ ગૃહની સામે, ગાયત્રીનગર પરથી જપ્ત કરવામાં આવી હતી, જુદીજુદી અન્ય ૨૩ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી કેવડાવાડી, ભાવેશ મેડિકલની સામે તાર ઓફિસ, જયુબેલી, ગુંદાવાડી, પરથી જપ્ત કરવામાં આવી હતી, ૧૯૭ કિ.ગ્રા. શાકભાજી-ફળો કે જે ઉપયોગમાં લઇ શકાય તેમ ન હતા તેને જંકશન રોડ, જયુબેલી પરાબજાર, ઢેબર રોડ વન-વે પેલેસ રોડ પરથી જપ્ત કરવામાં આવ્યા હતા, તેમજ રૂ.૬૨,૦૦૦/- વહીવટી ચાર્જ પુષ્કરધામ, દસ્તુરમાર્ગ પરથી વસુલ કરવામાં આવ્યો હતો, રૂ.૧,૦૭૫૨૫/- મંડપ ચાર્જ જે મવડી મેઈન રોડ, નાના મૌવા રોડ, પંચાયત ચોક, સાધુવાસવાણી રોડ, હેમુ ગઢવી રોડ, સ્પિડવેલ પાર્ટી પ્લોટ, સંતકબીર રોડ, યાજ્ઞિક રોડ, હેમુદસ્તુર માર્ગ, પાસેથી વસુલ કરવામાં આવ્યો હતો.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

# જન્મજાત હૃદયની ખામી ધરાવતી બાળકી માટે ‘રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ’ બન્યો આશીર્વાદરૂપ

## વિંછીયાના ભોયરા ગામની પાંચ વર્ષની બાળકીને અપાયેલી વિનામૂલ્યે સઘન સારવારથી પરિવારમાં છવાયો ખુશીનો માહોલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯



રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના ભોયરા ગામની ૦૫ વર્ષીય બાળકી ધર્મિષ્ઠા જન્મથી જ હૃદયમાં ખામી ધરાવતી હતી. ‘રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ’ અંતર્ગત ધર્મિષ્ઠાને અમદાવાદની યુ.એન.મહેતા સિવિલ હોસ્પિટલમાં વિનામૂલ્યે સમયસર સઘન સારવાર આપી તેની આ ખામી દૂર કરવામાં આવતા તેના પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે.

ભોયરા ગામમાં રહેતા મુમાભાઇ બાંભવાની દીકરી ધર્મિષ્ઠાનો ૨૦૧૭ માં ૪ ઓગસ્ટના રોજ જન્મ થયો હતો.તેના માતા-પિતાને આ બાળકીના જન્મ સમયથી જ કંઇક તકલીફ હોવાનું જણાતું હતું.

‘રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ’ ની ટીમના ડો. સાગર સાંબડ અને ડો. રિપલ વીરજાએ આ બાળકીનું તા.૩૦ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ સ્ક્રિનિંગ કરતા તેને હૃદય અને ફેફસામાં લોહી પરિભ્રમણની તકલીફ હોવાનું જણાયું હતું. જેથી તેને યુ.એન. મહેતા સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. જ્યાં નિષ્ણાંત તબીબોએ આ બાળકીને કોરોનરી હાર્ટ ડિસિઝ અને ટેટ્રોલોજી ઑફ ફેલોટ હોવાનું નિદાન કર્યું અને તાત્કાલિક સર્જરી કરવાની સલાહ આપી હતી.

સર્જરીની વાત સાંભળતા ધર્મિષ્ઠાના માતા-પિતા ચિંતિત થઈ ગયા કે ઓપરેશનનો આટલો મોટો ખર્ચ ક્યાંથી કાઢવો? પરંતુ ‘શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ’ અંતર્ગત તમામ સારવાર અને સર્જરી સરકાર તરફથી નિઃશુલ્ક કરવામાં આવે છે, તેવી જાણકારી મળતાં તેમને હાશકારાનો અનુભવ થયો હતો. ત્યારબાદ ધર્મિષ્ઠાની તા.૧૪ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ તજજ્ઞોની ટીમ દ્વારા સર્જરી કરવામાં આવી હતી.

હાલ આ બાળકી ધર્મિષ્ઠા એકદમ તંદુરસ્ત છે. સમગ્ર પ્રક્રિયામાં ‘રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ’ ટીમના ડોક્ટરો સતત માર્ગદર્શક અને સહાયરૂપ બન્યા હતા. આથી ધર્મિષ્ઠાના પરિવારજનો તેમના પ્રત્યે આભારનો ભાવ વ્યક્ત કર્યો છે. આમ,રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ જન્મ જાત હૃદયની ખામી ધરાવતી બાળકી માટે આશીર્વાદ રૂપ સાબિત થયો છે.

# ‘પક્ષી બચાવો કરૂણા અભિયાન’ અંતર્ગત રાજકોટ જિલ્લામાં શરૂ કરાયેલા કંટ્રોલરૂમ

## ઘાયલ પશુની માહિતી આપેલા નંબર પર જાણ કરી પશુ-પક્ષીને નવજીવન આપીએ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજ્ય સરકાર દ્વારા ઉત્તરાયણના પર્વ દરમિયાન ‘પક્ષી બચાવો કરૂણા અભિયાન’ અંતર્ગત પક્ષીઓને સમયસર સારવાર મળી રહે તે માટે વન વિભાગ દ્વારા સરકારના અન્ય સંબંધિત વિભાગો, બિન સરકારી સંસ્થાઓ અને સામાન્ય પ્રજાના સહયોગથી તહેવારના સમયે પતંગના દોરાથી ઘાયલ પશુઓ અને


પક્ષીઓને ખાસ સારવાર માટે સામાજીક વનીકરણ વિભાગ દ્વારા કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા છે.

આ વર્ષે પણ ઉતરાયણના તહેવાર નિમિત્તે રાજકોટ શહેરમાં ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે તા. ૨૦ જાન્યુઆરી સુધી સારવાર માટેના કંટ્રોલરૂમ શરૂ કરાયા છે.જેના ફોન નંબર સહિતની વિગત આ મુજબ છે.

રાજકોટ ખાતે મો.૮૪૬૯૯ ૩૬૧૨૮, લોધિકા ખાતે મો.૯૯૦૯૩ ૦૫૫૦૫, ઉપલેટા ખાતે મો.૯૭૨૩૪ ૧૦૦૭૨, કોટડા સાંગાણી ખાતે મો.૯૦૯૯૦ ૮૦૨૭૩, જેતપુર ખાતે મો.૯૦૯૯૯ ૬૨૦૬૨, પડધરી ખાતે મો.૭૯૯૦૨ ૪૭૪૦૫, ધોરાજી ખાતે મો. ૯૪૨૬૫ ૧૯૭૬૧, ગોંડલ ખાતે મો.૯૯૦૪૬ ૦૦૩૦૮, જામકંડોરણા ખાતે મો.૯૯૨૫૦ ૦૭૨૦૭, વિંછીયા ખાતે મો.૭૦૪૬૨ ૫૦૨૨૫, જસદણ ખાતે મો.૮૨૦૦૯ ૬૫૦૬૭ ઉપર સંપર્ક કરી શકાશે તેમ નાયક વન સંરક્ષક સામાજિક વનીકરણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# ડો.ચંદ્રવાડિયાની કેન્દ્રીય સાહિત્ય અકાદમીમાં નિમણૂંક



રાજકોટઃ કેન્દ્રીય સાહિત્ય અકાદમીમાં ડો.ચંદ્રવાડિયાની નિમણૂંક કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના પ્રોફેસર અને ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્ય કેન્દ્રના નિયામક પ્રોફેસર જે.એમ.ચંદ્રવાડિયાની ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયની કેન્દ્રીય સાહિત્ય અકાદમી,નવી દિલ્હીની જનરલ કાઉન્સિલમાં પાંચ વર્ષ માટે સદસ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. પ્રોફેસર ચંદ્રવાડિયા આગામી પાંચ વર્ષ સુધી રાષ્ટ્રીય સ્તરે પોતાની સેવાઓ આપશે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti


## તંત્રી સ્થાનેથી... Editorial

### યુવાનોને રોજગારી...

રાજ્યના દરેક વિદ્યાર્થી-યુવાનોને શ્રેષ્ઠ શિક્ષણ અને રોજગારી પ્રાપ્ત થાય તે માટે સરકારના હરહંમેશ સંનિષ્ઠ પ્રયાસો રહેલા છે. ઉચ્ચ શિક્ષણ બાદ યોગ્ય ક્ષેત્રમાં રોજગારી મળી રહે તે માટે રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ રોજગાર કચેરી બ્રીજનું કામ કરે છે.

રાજકોટ જિલ્લા રોજગાર કચેરી દ્વારા યુવાનોને શ્રેષ્ઠ કારકિર્દી માટે માર્ગદર્શક સેમિનારો તેમજ ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવતું હોય છે. આ અંગે માહિતી આપતા રોજગાર મદદનીશ નિયામક ચેતન દવે જણાવે છે કે, વર્ષ ૨૦૨૨ એપ્રિલથી ડિસેમ્બર માસ દરમ્યાન ૪૫ જેટલા રોજગાર ભરતી મેળાના આયોજન કરવામાં આવ્યા હતાં. જેમાં ૫,૫૦૧ ઉમેદવારોની વિવિધ ક્ષેત્રમાં પસંદગી થયેલી છે. રોજગારીમાં મદદરૂપ બનવા રોજગાર કચેરીની કામગીરી હાઈટેક કરવામાં આવી હોવાનું જણાવી દવે માહિતી આપતા જણાવે છે કે, નોકરીદાતાઓ અને ઉમેદવારો વચ્ચે બ્રિજ સમાન અનુબંધમ પોર્ટલ પર ૨,૫૧૨ જેટલા નોકરી દાતા અને ૧૪,૪૦૧ જેટલા ઉમેદવારો નોંધણી કરાવી ચુક્યા છે. વિદ્યાર્થીઓને સૌથી વધુ મુંજવતો પ્રશ્ન એ ક્યાં ક્ષેત્રમાં કારકિર્દી ઘડવી તે રહેલો હોય છે. શાળા/કોલેજમાં અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થીઓને કેરિયર કાઉન્સેલિંગ મળી રહે તે માટે રોજગાર કચેરી દ્વારા વર્ષ ૨૦૨૨માં ૩૯ જેટલા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪,૩૬૬ જેટલા વિદ્યાર્થીઓએ લાભ મેળવ્યો છે.

રોજગાર કચેરી દ્વારા અભ્યાસ દરમ્યાન જો કોઈ વિદ્યાર્થી સ્વ-રોજગાર કરવા ઈચ્છતો હોય તો તેઓને રાજ્ય સરકારની વિવિધ સ્વ-રોજગારલક્ષી યોજનાઓની માહિતી તેમજ માર્ગદર્શન પુરી પાડવામાં આવે છે. એપ્રિલ -૨૦૨૨ થી ડિસેમ્બર માસ દરમ્યાન ૧૦ શિબિર યોજાય, જેમાં ૩૯૬ યુવાઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લામાં ૧૦૪ જેટલી શાળા કોલેજમાં કેરિયર કોર્નર કાર્યક્રમો ચલાવવામાં આવે છે.

# રાજકોટ શહેર પોલીસ દ્વારા કાલે વ્યાજખોરો વિરૂધ્ધ લોકદરબાર

## પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સહિત ઉચ્ચ અધિકારીઓ અરજદારોને સાંભળશેઃ વ્યાજે નાણા લેનાર અરજદારોને વ્યાજ અંગેની પુરી સમજણ પોલીસ દ્વારા આપવામાં આવશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૯

ગુજરાતભરમાં વ્યાજના ચુંગાલમાં ફસાયેલા લોકો ને છોડાવવા અને વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવા ગુજરાત સરકારે આદેશ કરવામાં આવ્યા બાદ રાજકોટમાં છેલ્લા એક સપ્તાહમાં સાત થી વધુ વ્યાજખોરો સામે ગુના નોંધી કાર્યવાહી કરવામાં આવી હોય ત્યાર બાદ શહેર પો.કમિશનર રાજુ ભાર્ગવની અધ્યક્ષતામાં આવતીકાલે તા.૧૦ના રોજ હેમુગઢવી હોલ ખાતે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં પોલીસના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં વ્યાજંક્વાદનો ભોગ બનેલા લોકોની ફરિયાદ અને તેઓને વિસ્તારથી સાંભળવાનો સમય આપવામાં આવશે.



રાજકોટ શહેરમાં વ્યાજના વિષચક્રમાં ફસાયેલા લોકો માટે આવતીકાલે હેમુગઢવી હોલ ખાતે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યુ છે સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધી આ લોકદરબાર રાખવામાં આવ્યો છે. શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના માર્ગદર્શન હેઠળ અને તેની અધ્યક્ષતાને શહેરમાં વ્યાજંક્વાદની બદી નાબુદ કરવા આ લોકદરબારનું આયોજન કરવામાં



આવ્યુ છે જેમાં અધિક પોલીસ કમિશનર સૌરભ તોલંબીયા, નાયબ પોલીસ કમિશનર સુધીરકુમાર દેસાઈ, નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ) ડો. પાર્થરાજસિહ ગોહીલ, નાયબ પોલીસ કમિશનર સજજનસિંહ પરમાર, ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ સહિતના ઉચ્ચ અધિકારીઓ તથા તમામ પોલીસ મથકના થાણા ઈન્ચાર્જની હાજરીમાં આ લોકદરબાર રાખવામાં આવ્યો છે. શહેરભરમાં વ્યાજખોરોનો ભોગ બનનાર અને વ્યાજખોરોની પઠાણી ઉઘરાણી કરતા ધમકીના કારણે પોલીસમાં ફરિયાદ નહીં કરનાર લોકોને નીર્ભય બની ફરિયાદ નોંધાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. તથા વ્યાજના નાણા કેવી રીતના લઈ શકાય અને કેટલુ વ્યાજ ચુકવી શકાય તથા કેવા પ્રકારના શરાફી મંડળી કે નાણા ધીરધારનું લાયસન્સ ધરાવતા લોકો કેટલુ વ્યાજ લઈ શકે તે અંગે વિસ્તૃત માહીતી પોલીસ દ્વારા પુરી પાડવામાં આવશે.

**વ્યાજખોરોનો ભોગ બનનાર અને વ્યાજખોરોની પઠાણી ઉઘરાણી કરતા ધમકીના કારણે પોલીસમાં ફરિયાદ નહીં કરનાર લોકોને નીર્ભય બની ફરિયાદ નોંધાવવા અનુરોધ**

# નગર રચના યોજના નં.૧૪ : રાજકોટની પ્રારંભિક યોજના અંગેના નિર્ણયો જાહેર

## યોજના અંગેની તમામ માહિતી નગર રચના અધિકારીની કચેરી ખાતે જોઈ શકાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૪ (રાજકોટ) ને ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગર દ્વારા મંજૂરી મળેલ છે. નિયમાનુસાર જોગવાઈ મુજબ તા. ૬/૧/૨૦૨૩ ને શુક્રવારના રોજ નગર રચના અધિકારી નગર નિયોજક - ૨ દ્વારા પ્રારંભિક નગર રચના યોજના નં. ૧૪ અંગે નિર્ણય જાહેર કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ ૫૨ (૧) તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ ૨૬ (૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી દ્વારા જે તે પ્લોટ માટે લીધેલ નિર્ણયના ઉતારા ફોર્મ 'જે'ની નકલ આ યોજના નં. ૧૪ માં સમાવિષ્ટ સંબંધિત જમીન માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને મોકલવામાં આવી રહેલ છે.

આ પ્રારંભિક નગર રચના યોજના નં. ૧૪ ની એક નકલ, તમામ માહિતી, નિર્ણયો અને નકશાઓ સાથે રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરી સમય દરમ્યાન નગર રચના અધિકારીની કચેરી, નગર નિયોજક-૨, રાજકોટ નગર રચના યોજના, આર.એમ.સી. મલ્ટી એક્ટિવિટી સેન્ટર, પ્રથમ માળ, નાનામવા સર્કલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે જોવા મળી શકશે તેમ નગર રચના અધિકારી, રાજકોટની યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# રાજકોટ ક્રાઈમ

## રૂ.૮૯ હજારના સ્પેરપાર્ટસની ચોરીઃ કર્મચારી સામે ગુનો

રાજકોટ: ટાગોર રોડ ઉપર આવેલ અતુલ એન્ટરપ્રાઈઝ નામની કાર કંપનીના વર્કશોપમાંથી રૂ.૮૯૭૫૦ ની કિંમતના સ્પેરપાર્ટસની ચોરી થયાની મેનેજર પ્રતિકભાઈ વનરાજભાઈ સોલંકીએ ફરિયાદ નોંધાવી હતી. જેમાં વર્કશોપના સીસીટીવી ફૂટેજમાં ચોરી કરનાર અસદ અલીબીન જફાઈ કેદ થઈ ગયો હોય. પોલીસ તેની સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

## નવાગામ પાસે કારે બાઈકને ઠાકરે લેતા યુવકનું મોતઃ ભાઈ ઘાયલ

રાજકોટ: રાજકોટમાં નવાગામમાં રહેતા ગોપાલભાઈ પ્રવિણભાઈ વારીયા (ઉ.૧૮) અને તેનો પિતરાઈ ભાઈ બાઈક લઈને જતા હતા તે દરમ્યાન કુવાડવા હાઈ-વે પર બેકાબુ કારે ઠોકરે લેતા બન્નેને સારવાર માટે અહીંની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં ગંભીર ઈજા થતા ગોપાલભાઈનું મોત નિપજતા કુવાડવા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધવાની તેમજ તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

## શાપર વેરાવળમાં મહિલાનો આપઘાત

રાજકોટ: શાપર વેરાવળમાં રહેતા શિલ્પાબેન રવિભાઈ પરમાર (ઉ.વ.૨૬) એ પોતાના ઘેર એસીડ પી જતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેનું સારવાર દરમ્યાન મોત નિપજતા પોલીસે તપાસ કરતા તેના લગ્ન ૩ વર્ષ પહેલા થયા હતા. દરમ્યાન સંતાનમાં એક પુત્ર હતો. જેનું અવશાન થયા બાદ ગુમસુમ રહેતા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પોલીસે આપઘાતનું કારણ જાણવા મથામણ કરી છે.

## વિદેશી દારૂના ત્રણ દરોડાઃ ૧૩૫ બોટલ સાથે ત્રિપુટી ઝબ્બે

રાજકોટ: શહેરમાં ક્રાઈમ બ્રાન્ચે પેટ્રોલિંગ દરમ્યાન ગોંડલ રોડ પર વીત ભવન કોમ્પલેક્ષમાં રામનાથ એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાં દરોડો પાડી ૧૦૮ બોટલ દારૂ સાથે હાર્દિક રામજીભાઈ સાપરાને પકડી લઈ તેની પાસેથી દારૂ, મોબાઈલ મળી કુલ રૂ.૫૮ હજારની મતા કબ્જે કરી પુછતાછ કરતા વધુ ચીંતન પટેલ નામના શખ્સનું નામ ખુલતા તેની શોધખોળ કરી છે. જયારે કાલાવાડ રોડ પાસેથી ૧૦ બોટલ સાથે મનોજ સુમનભાઈ પરમારને તેમજ રૈયારોડ પર લાભલક્ષ્મી એપાર્ટમેન્ટમાં દરોડો પાડી ઉદય સીરીશભાઈ ગેડીયાને ૧૭ બોટલ દારૂ સાથે ઝડપી લઈ પુછતાછ કરી છે.

## ૬૦ બોટલ ભરેલી કાર સાથે ત્રણ ઝડપાયા

રાજકોટ: પુનિતનગર નજીકના વિશ્વકર્મા સોસાયટીમાં ખૂલ્લા પ્લોટમાં વિદેશી દારૂ ભરેલી બોલેરો કાર પડી હોવાની માહિતીના આધારે પી.આઈ. એલ.એલ.ચાવડા સહિતના સ્ટાફે દરોડો પાડી વાંકાનેરના તરકીયા ગામે રહેતો લાખા બચુભાઈ રૂદાતલા, પરીક્ષીત રાજુભાઈ બળદા અને અમરદીપસિંહ ક્રિપાલસિંહ ઝાલાને ઝડપી લઈ તેની પાસેથી ૨.૭૯ લાખની કિંમતનો ૬૬૦ બોટલ વિદેશી દારૂ અને રૂ. ૫ લાખની કિંમતની બોલેરો કાર કબ્જે કરી આ દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા અને કોને ડિલેવરી આપવાની હતી તે સહિતની પૂછપરછ હાથ ધરી છે.

## બે દરોડાઃ ૨૫૭ ચાઈનીઝ દોરીની રીલ સાથે બે ઝબ્બે

રાજકોટ: શહેરમાં ભગવતીપરા પાસે એસઓજીએ દરોડો પાડી ચાઈનીઝ દોરીની ૨૩૯ રીલ સાથે મુનાવરશા ઝાવેદશા મોગલ નામના શખ્સને ઝડપી લઇ વિશેષ પૂછપરછ હાથ ધરી છે. જ્યારે બીજા દરોડામાં સંત કબીર રોડ નજીક જય જવાન જય કિસાન રોડ પર માટેલ ઈલેક્ટ્રીક નામની દુકાન પાસે મંડપમાં પતંગ- દોરીનું વેચાણ કરતા વેપારી ચાઈનીઝ દારી વેચતા હોવાની માહિતીને આધારે એસઓજીએ દરોડો પાડતા ૨૪ ચાઈનીઝ રીલ મળી આવતા પોલીસે ગુંદા ગામે રહેતો હાર્દિક રમેશભાઈ રૈયાણીની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી છે.



# શ્રી બજરંગદાસબાપાની પુણ્યતિથિ નિમિતે બુધવારે ભવ્યસંતવાણી કાર્યક્રમનું આયોજન

સુરત, તા.૯

શ્રી બજરંગદાસબાપાની પુણ્યતિથિ નિમિતે આગામી તા.૧૧ને બુધવારના રોજ સાંજે ૭ કલાકે વરાછા રોડ સુરત ખાતે ભવ્યસંતવાણી શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભવ્યસંતવાણીના મુખ્ય વકતા પ.પૂ.શ્રી નૌતમ સ્વામીજી (પ્રમુખશ્રી, અ.ભા.સં.સ. ગુજરાત) અને પ.પૂ.મહંત શ્રી ભકિત બાપુ(માનવમંદિર આશ્રમ, સાવરકુંડલા) સંતવાણીનું રસપાન કરાવશે. આ કાર્યક્રમનું આયોજન પ.પૂ.શા.માધવપ્રીય સ્વામી(ઋષિકુલ ગૌધામ, પાનોલી) અને પ.પૂ.શ્રી ગાંડીયાબાપુ (બાપા સીતાામ મઢી, દાસ્તાનગામ) દ્વારા કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં પધારવા ગુજરાત SPG ના ઉપપ્રમુખ બાબુભાઇ સુતરીયા દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમ જણાવ્યું છે.



# આયુષ્માન કાર્ડ કેમ્પમાં ૧૩૧ જેટલા વ્યકિતઓના આયુષ્યમાન કાર્ડ કાઢવામાં આવેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

આયુષ્માન કાર્ડ કેમ્પ ખુબ જ સફળતાપૂર્વક પૂર્ણ કરીને કાર્ડ હોલ્ડરોને સંતોષ આપવા બદલ હસુભાઈ અણદાણી અને તેની ટીમના પ્રેમજીભાઈ સાવલિયા, જમનભાઈ પાદરીયા, નીતિનભાઈ મકાતી, શશીકાંતભાઈ ડોડીયા તેમજ સમગ્ર ટીમનો પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલએ આભાર વ્યકત કર્યો હતો.

ગોવિંદ પટેલે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની જનહિતની યોજનાનો લાભ તેની મર્યાદામાં આવતા પ્રત્યેક કુટુંબની વ્યક્તિને મળે તે માટેનો આ ચોથો કેમ્પ મારા કાર્યાલય ખાતે રાખેલ હતો. જેમાં ૧૩૧ જેટલા વ્યક્તિઓના આયુષ્માન કાર્ડ કાઢવામાં આવેલ. સરકારી યોજનાઓને લાભ આસાનીથી મળી રહે અને એક પણ પૈસાનો ખર્ચ કર્યા વગર ૯ થી ૧ વાગ્યા સુધીમાં તેનું કામ પૂર્ણ થાય તે રીતનું કાર્ય આ સમગ્ર ટીમ કરી રહી છે. રવિવારના રજાનો દિવસે



જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાના માત્ર આશયથી આ ટીમ કામ કરી રહી છે. તેમને હૃદય પૂર્વકના અભિનંદન પાઠવું છું.

# જીપીએસી કલાસ-૧,૨ ની પરીક્ષા, રાજકોટમાં ૫૫ ટકા ગેરહાજર : મોબાઈલ સાથે એક ઉમેદવાર ઝબ્બે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજ્યમાં લેવાયેલ GPSC કલાસ-૧,૨ ની પરીક્ષામાં રાજકોટ સેન્ટરમાં ૫૫ ટકા પરીક્ષાર્થીઓ ગેર હાજર રહેલ હોવાનું જણાયેલ હતું તો પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ સાથે એક ઉમેદવાર ઝડપાયો હતો.ગેરરીતિના કેસ બાદ માલવિયા પોલીસ મથકમાં આ ઉમેદવાર સામે ગુનો નોંધાયો હતો. જામનગરમાં ૬૦ ટકા તો જૂનાગઢમાં ૬૫ ટકા ઉમેદવારોએ પરીક્ષા જ આપી ન હતી. સૌરાષ્ટ્રમાં રાજકોટ, જૂનાગઢ અને જામનગરમાં લેવાયેલી

## જામનગરમાં ૬૦ ટકા તો જૂનાગઢમાં ૬૫ ટકા ઉમેદવારોએ પરીક્ષા જ ન આપી

જી.પી.એસ.સી. કલાસ-૧,૨ ની પ્રાથમિક પરીક્ષામાં અનુક્રમે ૫૫%, ૬૫% અને ૬૦% ઉમેદવારો ગેરહાજર રહી નિરસતા દાખવી હતી.

જેમાં પણ રાજકોટમાં એક ઉમેદવાર મોબાઈલ સાથે પકડાઈ ગયો હતો. મવડી પાસે બાલાજી હોલ નજીક આવેલી કે.જી.ધોળકિયા સ્કૂલમાં સુરેશ મકવાણા નામનો ઉમેદવાર પરીક્ષા આપતો હતો ત્યારે સ્થળ નિરીક્ષકે તપાસતા મોબાઈલ મળી આવતા ગેરરીતિનો કેસ દાખલ કરી. માલવિયાનગર પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયો હતો.

ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ - ૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ - ૨ અને ગુજરાત નગરપાલિકા અધિકારી સેવા વર્ગ - ૨ ની પરીક્ષા યોજાઈ હતી. જેમાં પ્રાથમિક કસોટીમાં રાજકોટ શહેરમા પ્રથમ પેપરમા ૯,૬૨૧ માંથી ૪,૩૦૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જયારે ૫,૩૧૪ ગેરહાજર રહ્યા

જયારે બીજા પેપરમા પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ ઘટીને ૪,૨૪૭ થઈ ગયા અને ૫,૩૭૪ ગેરહાજર રહયા હતા. જૂનાગઢ શહેરના ૩૪ પરીક્ષા કેન્દ્રો પર ૩૭૫ બ્લોકમાં પરીક્ષા યોજાઈ હતી.

જી.પી.એસ.સી. કલાસ-૧,૨ની પ્રિલિમ્સ પરીક્ષા માટે બે પેપર લેવાયા હતા.

## રાજકોટના ૪૨ કેન્દ્ર અને ૪૯૧ બ્લોક પર પહેલા સેશનમાં ૪૩૦૭ ઉમેદવાર હાજર

રાજકોટના ૪૨ કેન્દ્ર અને ૪૯૧ બ્લોક પર રવિવારે જીપીએસસીની વર્ગ-૧ અને ૨ની પ્રિલિમ્સ પરીક્ષા લેવાઇ હતી. બે સેશનમાં લેવાયેલી આ પરીક્ષામાં કુલ ૯૬૨૧ ઉમેદવારમાંથી સવારે ૧૦ થી ૧ના પહેલા સેશનમાં ૪૩૦૭ ઉમેદવાર હાજર રહ્યા હતા અને ૫૩૧૪ ગેરહાજર, જ્યારે બપોરે ૩ થી ૬ ના સેશનમાં ૪૨૪૭ ઉમેદવારો હાજર અને ૫૩૭૪ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા આમ બંને સેશનમાં એકંદરે ૫૩૦૦ થી વધુ ઉમેદવારો ગેરહાજર હતા. શહેરની કે.જી.ધોળકિયા સ્કૂલના પરીક્ષા કેન્દ્રમાં એક વિદ્યાર્થી મોબાઈલ લઇ આવેલો પકડાયો હતો.બંને સેશનના પેપર પૈકી સવારના સેશનનું પેપર-૧ માં બૌદ્ધિક ક્ષમતાના પ્રશ્નો વિદ્યાર્થીઓને અઘરા લાગ્યા હતા જ્યારે પેપર-૨માં કરંટ અફેર્સ અને ભૂગોળ સરળ હોવાથી બીજું પેપર સહેલું લાગ્યું હતું.

# પંચાયત મંડળ દ્વારા જુનિયર કલાર્કની ૨૯ મીએ લેવાશે પરીક્ષા

## જુનિયર ક્લાર્ક ૧૬મીથી કોલલેટર ડાઉનલોડ થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

જુનિયર કલાર્કની પંચાયત મંડળ દ્વારા આગામી તા. ૨૯ મી તારીખે પરીક્ષા લેવામાં આવશે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાતી જુનિયર ક્લાર્ક (વહીવટ-હિસાબ)ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા આગામી તારીખ ૨૯ મી જાન્યુઆરીએ લેવાનાર છે ત્યારે આ પરીક્ષા માટેના કોલલેટર ડાઉનલોડ કરવાની તારીખ પણ મંડળ દ્વારા જાહેર કરી દેવામાં આવી છે.

આ પરીક્ષાના ઉમેદવારો ૧૬ થી ૨૯ જાન્યુઆરી દરમિયાન પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરી શકશે. જેમની પાસે આ કોલલેટર નહીં હોય એ પરીક્ષામાં બેસી શકશે નહીં.

પંચાયત મંડળ દ્વારા જાહેર કરેલા નોટિફિકેશનમાં જણાવાયું છે કે,ઉમેદવારે કોલલેટર પ્રવેશ ઉપરની તેમજ તેની પાછળ આપેલ સૂચનાઓ ધ્યાન પૂર્વક વાંચી તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. ડાઉનલોડ કરેલ કોલલેટર પ્રવેશપત્રની પ્રિન્ટ નકલ સિવાય પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્ર ખાતે ઉમેદવારને પ્રવેશ મળશે નહિ.૨૯ મીએ લેવાનારી પરિક્ષાના કોલલેટર ૧૬ મીથી મળશે તેમ યાદીમાં જણાવાયું છે.

# ચાઇનીઝ દોરા વેચાણ, સંગ્રહ,ઉત્પાદન અને ઉપયોગ અંગે ૧૦૦ નંબર ઉપર કરી શકાશે ફરિયાદ

## ચાઇનીઝ દોરા,નાયલોન દોરા તથા ચાઇનીઝ લેન્ટર્નના ઉપયોગ પર મૂકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન કરાવવા વહીવટી તંત્રને સૂચના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

ચાઇનીઝ દોરા,નાયલોન દોરા તથા ચાઇનીઝ લેન્ટર્નના ઉપયોગ પર મૂકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન કરાવવા રાજ્ય સરકાર દ્વારા રાજયના વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે એમ ગૃહ વિભાગની યાદીમાં જણાવાયું છે.

ઉત્તરાયણ દરમિયાન ચાઇનીઝ દોરા, માંજા, નાયલોન દોરા, ચાઇનીઝ લેન્ટર્ન તથા અન્ય નૂકસાનકારક પદાર્થોથી બનેલી વસ્તુ પર પ્રતિબંધ મૂકવાની માંગણી સાથે ગુજરાત



હાઇકોર્ટમાં દાખલ થયેલ પીટીશનની આજની સુનાવણી દરમિયાન નામદાર કોર્ટ દ્વારા દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા જેને ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય વહીવટી તંત્રને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

ઉત્તરાયણ દરમિયાન ચાઇનીઝ દોરા, માંજા, નાયલોન દોરા તથા ચાઇનીઝ લેન્ટર્નના ઉપયોગથી નાગરિકો, પશુ-પક્ષી અને પર્યાવરણને નુકશાન થતું હોવાથી રાજ્ય સરકાર દ્વારા આ વસ્તુઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે જેનું ચૂસ્તપણે પાલન થાય તથા આ સંદર્ભે લોકજાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સમગ્ર પોલીસ તંત્ર, જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનરને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

આ સંદર્ભે લોકજાગૃતિ કેળવવા મોટા પ્રમાણમાં લોકો એકત્ર થતા હોય તેવા સ્થળોએ પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરવો, સમગ્ર રાજ્યમાં લગાવવામાં આવેલ એલ.ઇ.ડી. સ્ક્રીન પર સમયાંતરે જનજાગૃતિ સંદેશાઓ પ્રસારિત કરવા તથા શાળા અને કોલેજોમાં વિદ્યાર્થીઓ સાથે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

નાગરિકો ચાઇનીઝ દોરા, માંજા, નાયલોન દોરા તથા ચાઇનીઝ લેન્ટર્નના વેચાણ, સંગ્રહ, ઉત્પાદન અને ઉપયોગ અંગે ફરિયાદ ફોન નંબરઃ ૧૦૦ ઉપર રજૂ કરી શકશે.

# એક્સ્પોમાં વિવિધ કેટેગરીમાં બિલ્ડરોને એવોર્ડ અપાયા








## પરેશ ગજેરા અને આયોજકોને રાજકોટ મ્યુ. કમિશનર અને રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરિયાએ બિરદાવ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯

શહેરના ફનવર્લ્ડ રેસકોર્સની બાજુમાં ૬ તારીખથી શરૂ થયેલા પ્રોપર્ટી એક્સ્પો એન્ડ શોકેશ ૨૦૨૩માં રવિવારે રજાના દિવસે લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. એક્સ્પોના તમામ ૬ એ.સી ડોમમાં પગ મુકવાની પણ જગ્યા ન હોય એવી સ્થિતિ સર્જાઈ હતી. તો બીજીતરફ એક્સ્પોમાં એકસાથે ૫૦ હજાર મુલાકાતીઓ એક્સ્પો માણી રહ્યા હતા. રાજકોટ બિલ્ડર એસોસિએશન અને આઈ.આઈ. આઈ.ડી દ્વારા આયોજીત ગુજરાતના સૌથી મોટા અને પ્રથમવાર આયોજિત થયેલો આ એક્સ્પો ૧૧ જાન્યુઆરી સુધી ચાલશે. આયોજકોની ધારણા અનુસાર સાડા ત્રણ લાખથી વધુ લોકો ત્યાં સુધીમાં એક્સ્પોની મુલાકાત લઈ ચુક્યા હશે.

રાજકોટ શહેરના વિવિધ લોકેશનો પર ચાલી રહેલી ફ્લેટ, ટેનમેન્ટ, વીલા, ડુપ્લેક્સ સહિતના પ્રોજેક્ટ્સની માહિતી એક જ સ્થળે ઉપલબ્ધ બની હોય એવો આ સૌ પ્રથમ એક્સ્પો છે. બાંધકામ મટીરીયલને લગતી માહિતીની જાણકારી ઉપરાંત ઘર બની ગયા બાદ તેમાં ઇન્સ્ટોલ કરવાની વિવિધ એસેસરીઝ, ઇન્ટિરિયર, ફર્નિચર, બાથરૂમ ફિટિંગ, વોલ ડેકોરેશન, લાઈટિંગ, ગાર્ડનિંગ સહિતની ઑલ ટાઈપ ઓફ ચીજ-વસ્તુની જાણકારી અને એ કયાંથી, શું ભાવે ખરીદી કરી શકાય એ અંગેની જાણકારી આકર્ષક સ્વરૂપે રજૂ કરવામાં આવી છે.

ત્યારે રવિવારે આઈ. આઈ. આઈ. ડીના દેશભરના હોદ્દેદારો પ્રોપર્ટી એન્ડ શો કેસ ૨૦૨૩ની મુલાકાત લીધી હતી. તમામ મુલાકાતીઓએ મનભરી એક્સ્પોને માણ્યો હતો.

એક્સ્પોમાં વિવિધ કેટેગરીમાં બિલ્ડરોને રવિવારે એવોર્ડ આપવામાં આવ્યા હતા. જેમાં કોમર્શિયલ પ્રોજેકટ હાઇરાઈઝ બિલ્ડીંગ કેટેગરીમાં રોકડ એન્ડ ડેકોરા ગ્રુપને ૯ સ્કેવેર અને મિતેશભાઈ સોરાઠીયાને ટ્વીન્સ સ્ટાર માટે એવોર્ડ મળ્યો હતો. જયારે કોમર્શિયલ પ્રોજેકટ હાઇરાઈઝ બિલ્ડીંગ માટે આર.કે. ગ્રુપ , આર.કે. આઇકોન, કોમર્શિયલ પ્રોજેકટ લોરાઈઝ બિલ્ડીંગ માટે ભરતભાઇ સોનવાણીને અનંત માટે, કોમર્શિયલ પ્રોજેકટ લોરાઈઝ બિલ્ડીંગ શિવાલય ડેવલોપર વેસ્ટ ગેટ ૨, મિક્સડ ડેવલોપમેન્ટ ઓફ કોમર્શિયલ એન્ડ રેસિડેન્ટ હાઈ રાઈઝ બિલ્ડીંગ માટે શિલ્પન ડેવલોપર સુવર્ણભૂમિ માટે, લાડાણી એસોસિએટ્સ ટ્વીન્સ ટાવર માટે, એફોર્ડબલ હાઉસિંગ પ્રોજેકટ, હાઈરાઇઝ બિલ્ડીંગ માટે એક્ટિવ ડેવડલોપર્સને રાની રેસિડેન્સી માટે, એફોર્ડબલ હાઉસિંગ પ્રોજેકટ રેસી. લો.રાઇઝ માટે સંસ્કૃતિ ગ્રુપના સંસ્કૃતિ આંગન માટે, એફોર્ડબલ હાઉસિંગ પ્રોજેકટ લો રાઇઝ કેટેગરીમાં સોપાન ગ્રુપના સોપાન એલિગેન્ટ્સ, મીડીયમ સેગમેન્ટ રેસી. પ્રોજેકટ હાઈરાઇઝ બિલ્ડીંગ કેટેગરીમાં વિકટોરિયા એન્ટરપ્રાઇઝના વિકટોરિયા ગાર્ડનને, જ્યોતિરાજસિંહ જાડેજા, પ્રદ્યુમન પ્લેટીના, અક્ષત ઇન્ફ્રાના આસોપાલવ લકઝરીયા, વિરલ ગ્રુપના વિરલ વાટિકા, લકઝરી પ્રોજેકટ રેસી. હાઈ રાઇઝ કેટેગરીમાં વી.એચ.વી ગ્રુપ વસંત કુંજ રાજદીપસિંહ જાડેજા, લડાણી એસોસિએટ્સ બેલઝા ગાર્ડન, અલ્ટ્રા લકઝરી રેસી. પ્રોજેક્ટ ડેકોરા ગ્રુપના વેસ્ટ હિલ સેકટર ૨, ડેકોરા ગ્રુપના વોગ, વિક એન્ડ હોમ એન્ડ બંગલો કેટેગરીમાં રામેશ્વર ડેવલોપર્સના શિવ વીલા બંગોલ્સ તથા રતન્મ રિતેશ મડિયા, રતન્મ લાઈફ સ્ટાઇલ બંગ્લોસને એવોર્ડ મળ્યો હતો.

આ ઉપરાંત બોલીવુડ સ્ટાર અમિષા પટેલએ રાજકોટ બિલ્ડર એસો.ના વુમન્સ વિંગસને સન્માનિત કર્યા હતા જેમાં ડેકોરા ગ્રુપના પ્રેસિડેન્ટ દર્શના પટેલ, સેક્રેટરી મોના રોકડ, આર.કે. ગ્રુપના જોઈન્ટ સેક્રેટરી પ્રીતિકા સોનવાણી, જી હિટ ગ્રુપના જીત ઘોડાસરા, ધનરાજ કન્ટ્રકશનના યાના જેઠાણી, હાઈ બોન્ડ સિમેન્ટ ગ્રુપના નિસા વડાલીયા, અલય પ્રોપર્ટીસના ડો. દીપા રાજા, આર.કે. એસોસિએટ્સના સુહાની સોનવાની, કસ્તુરી એન્ટરપ્રાઇઝના હેલી મહેતા, પતરિયા પ્રોજેકટના ઉર્વી સોલંકી, ઓસ્કાર ઈન્ફ્રાસ્ટ્રકચરના પ્રિયલ તળાવીયા, પાન ગ્રુપના રેનીલ પાન, આર.કે. ગ્રુપના લવિશા સોનવાણી, અનંત બિલ્ડ ક્રોપ એલ.એલ પીના જિયા સોનવાણી, હરિદ્વાર ગ્રુપના હિરલ રાણા, યુનિફાઇડ ડિઝાઇન ફર્નિચરના બિંદી આશર, સ્પેસ ઇન્ફ્રાવેન્ચર્સના મીરા તલાવીયા, શિવમ ડેવલોપર્સના દીપ્તિ ગજેરા, રોકડ ગ્રુપના જોનું રોકડ અને લાઇફસ્ટાઇલ ગ્રુપના મોનીકા પટેલનું સન્માન કર્યું હતું. આ એવોર્ડ ફંકશન માટે જયૂરી મેમ્બર મુકેશભાઈ શેઠ, સુરેશભાઈ સંઘવી, જયરાજભાઈ શાહ, એમ.ડી. સાગઠિયાએ સેવા આપી હતી.

તેમજ રાજયસભા સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્યો જયેશ રાદડિયા, મંત્રી રાઘવજી પટેલ, ડો. ભરત બોધરા, એડિશનલ કલેકટર ઠાકર, રાજકોટ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશ બોધરા, ટાઉન પ્લાનર સાગઠિયા, પી.જી.વી.સી.એલ ચેરમેન વરૂણકુમાર, જે.સી.પી, રાજકોટ મ્યુ. કમિશનર અમિત અરોરા, સહિતના પધાર્યા હતા. જ્યાં મ્યુ. કમિશનરને મોમેન્ટો આપી તેમનું સ્વાગત કરાયું હતું.

૧૧ તારીખ સુધી ચાલનારા એક્સ્પોમાં હજુ ઘણા બોલીવુડ, ટેલિવુડ સેલીબ્રિટીઓ અમંત્રિતો માટે પોતાનું પરફોર્મન્સ આપવાના છે. આગામી ત્રણ દિવસો દરમ્યાન લોકોનો ભારે ઘસારો એક્સ્પો નિહાળવા આવશે અને કંઈક નવું જાણીને જશે ત્યારે આયોજકોએ રાજકોટની જનતાને એક્સ્પો નિહાળવા અને ઘરના ઘરનું સ્વપ્નનું સાકાર કરવા તેમજ ઈન્ટરીયર ડિઝાઇનમાં પણ લેટેસ્ટ માહિતી મેળવવા એક્સ્પોની એકવાર અચૂક મુલાકાત લેવા અનુરોધ કર્યો છે.

# કાનમાં સાંભળવાની તકલીફ માટે વાંકાનેર ખાતે વિનામૂલ્યે કેમ્પ યોજાશે

વાકાંનેર, તા.૯

દેવદયા ચેરીટેબલ ટ્રસ્ટ, વાંકાનેર સંચાલિત દેવયા ડાયગ્નોસ્ટીક સેન્ટર, બંધુસમાજ દવાશાળા, વાંકાનેર ખાતે કાનમાં સાંભળવાની તકલીફ હોય તેવા લોકો માટે ખાસ યુ.કે, ના લેસ્ટરની ડી મોન્ટફોર્ટ યુનિવર્સિટીમાંથી આવનાર હીઅરીંગ સ્પેશ્યાલીસ્ટ (સાંભળવાની તકલીફના નિષ્ણાંત) ઓડિયોલોજીના લેકચરર અને વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૫ થી તા. ૧૭ જાન્યુઆરી સુધી વિનામૂલ્યે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

વિનામૂલ્યે કેમ્પનો લાભ લેવા માટે રૂબરૂ અથવા ફોનથી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન સવારે ૧૦ થી ૧ અને બપોરે ૩ થી ૬ ની વચ્ચે, ફોન નંબર (૦૨૮૨૮) ૨૨૩૨૮૨ અથવા મોબાઈલ નં. ૯૪૨૭૪ ૩૩૨૮૨ ઉપર રહેશે. રજીસ્ટ્રેશન કરાવવાની છેલ્લી તા. ૧૨ને ગુરૂવાર છે. અગાઉથી રજીસ્ટ્રેશન કરેલ હોય તેવા જ દર્દીઓની તપાસ થશે. દર્દીઓ વહેલા તે પહેલાના ધોરણે નામ લખવામાં આવશે. દર્દીઓએ કેમ્પમાં આવતા કાનમાંથી મેલ કઢાવીને આવવું, કાનમાં ઇન્ફેકશન હોય, દુઃખાવો હોય, રસી થયેલ હોય તો કાનના ડોકટરને બતાવીને આવવું. આવી તકલીફવાળા દર્દીઓને જોવામાં આવશે નહીં જેની નોંધ લેશો.

વધુ માહિતી માટે દેવદયા ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજર ધવલભાઈ કરણીયા (મો. ૯૪૦૮૯ ૩૯૮૨) અથવા દેવદયા ટ્રસ્ટના સંયોજક અને વીવીપી એન્જીનિયરીંગ કોલેજના લાઇબ્રેરીયન ડો.તેજસભાઈ શાહ (મો. ૭૫૬૭૦ ૪૯૩૧) નો સંપર્ક કરશો. તેમ યાદીમાં જણાવ્યું છે.

# રાજકોટનો સાંઢીયા પુલ બંધ કરાતા કસ્તુરબા રોડ ઉપર ટ્રાફિક ભારણ વધ્યું

## જર્જરિત થયેલો પુલ અકસ્માત સર્જે તે પહેલા ભારે વાહનો માટે કરાયો બંધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯

રાજકોટનો સાંઢીયા પૂલ રસ્તાના કામ સબબ બંધ કરાતા કસ્તુરબા રોડ ઉપર ટ્રાફિક ભારણ વધ્યું હતું અને ડાઈવર્ઝન ઉપર ભારે વાહનોનો ધમધમાટ વધ્યો હોવાનું જણાઇ રહ્યું છે. જર્જરિત થયેલો પુલ અકસ્માત સર્જે તે પહેલા ભારે વાહનો માટે બંધ કરાયો છે.

જામનગર રોડ ઉપર આવેલ સાંઢીયા પૂલ જર્જરિત થતા ભારે વાહનો માટે આજથી બંધ કરી દેવાયો છે અને તેના બદલે હોસ્પિટલ ચોકથી કસ્તૂરબા રોડ ઉપર આપવામાં આવેલા ડાઈવર્ઝનને કારણે આ રસ્તા




(તસવીરઃ પંકજ ડાભી)

ઉપર ભારે વાહનોનો ધમધમાટ વધી ગયો છે. સાંઢીયા પૂલની વિસ્તરણ યોજના બનાવી અને મહાપાલિકાએ રેલવે સાથે સંકલનથી સુધારણા હાથ ધરી છે તેમાં સમય લાગી શકે તેમ છે ત્યાં સુધી આ પૂલ ઉપરથી ભારે વાહનો પસાર થવા નહીં દેવામાં આવે. જાહેરનામા દ્વારા આજથી આ પૂલને ભારે વાહનો માટે પ્રતિબંધિત કરી દેવાયો છે. રાજકોટમાંથી સાંઢીયા પુલ ઉપર થઈને જામનગર રોડ તરફ જતા વાહનોને હોસ્પિટલ ચોક પાસેથી કસ્તુરબા રોડ ઉપર થઈને ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપરથી આગળ જવાનું રહેશે. આ ડાઈવર્ઝનનો અમલ શરૂ કરી દેવાતા આજે કસ્તુરબા રોડ અને જિલ્લા પંચાયત રોડ ઉપર ટ્રાફિકમાં ભારે વાહનો મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## હાશ..ઠંડીમાં થોડો ઘટાડોઃ ગિરનાર પર્વત ઉપર ૧૩.૪ ડિગ્રી તાપમાન

હતું.જ્યાં ૧૬ ડિગ્રી ઠંડી પડી હતી.જયારે રાજકોટ, અમરેલી અને સુરેન્દ્રનગરમાં ૧૭ ડિગ્રી ઠંડી પડતા લોકોને થોડી રાહત મળતા હવે બપોરના સમયે પવનના સૂસવાટા નથી થતા. જેથી રાત્રે જ સ્વેટર, ટોપી સહિતના ગરમ વસ્ત્રો પહેરવાની જરૂર પડે છે.

દ્વારકા, પોરબંદર અને દીવમાં તાપમાનનો પારો ઉચકાઈને ૧૮ ડિગ્રીએ પહોચ્યો હતો. જયારે જૂનાગઢમાં ૧૮.૪ તો ઓખા અને વેરાવળમાં ૨૧ ડિગ્રી ઠંડી પડી હતી.આગામી પાંચેક દિવસ બાદ ઠંડીમાં ઘટાડો આવવાની શકયતા હવામાન ખાતાએ વ્યકત કરી છે. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી દાહોદ ખાતે નોંધાઈ હતી. દાહોદ ખાતે ૧૧.૬ ડિગ્રી નોંધાઇ હતી.

## અમદાવાદ હાઈ-વે પર ટ્રક પાછળ ખાનગી બસ ઘૂસી જતા બસનો કૂચો બોલી ગયો

લીંબડી-અમદાવાદ હાઇવે પર ખાનગી લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં ૧૦થી વધુ મુસાફરો ઇજાગ્રસ્ત બન્યા હતા. આ ગોઝારા અકસ્માતની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઇ નહોતી. પ્રાથમિક તપાસમાં ખાનગી લક્ઝરી બસ જૂનાગઢથી અમદાવાદ તરફ આવી રહી હતી. એ દરમિયાન આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. લીંબડીના જનશાળી ગામના પાટિયા પાસે ઊભેલી બંધ ટ્રક પાછળ ખાનગી લક્ઝરી બસ ઘૂસી જતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે હાઇવે પર ટ્રાફિકજામનાં દશ્યો પણ સર્જાયાં હતાં. બસમાં સવાર અંદાજે ૪૦લોકો સવાર હતા, જેમાં ૧૦થી વધુ મુસાફરોને ઈજાઓ પહોંચતાં ૪ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતની ઘટના બાદ લોકોનાં ટોળેટોળાં અકસ્માતના સ્થળે દોડી ગયા હતા. આ ઘટનાની જાણ થતાં લીંબડી પોલીસે તાકીદે ઘટનાસ્થળે પહોંચી અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.(૯)

## રાજકોટથી નેપાળ જતી ખાનગી બસનો અકસ્માતઃ ૪ના મોત

પણ શોક છવાઇ ગયો હતો. તેમજ બધાએ નેપાળી એજન્ટ કે જે નેપાળી લોકોને વતન પહોંચાડવાનું કામ કરે છે તેનો ફોન જોડવા પ્રયાસો આદર્યા હતાં. જાણવા મળતી વિગત મુજબ ત્રણ નેપાળી લોકો અને એક બહારના ડ્રાઇવર સહિત ચારના મોત થયા છે.

## દિલ્હી-ઉતર ભારતમાં કોલ્ડ એટેકઃ 300 ટ્રેન રદ

ભટીંડા, ઉતર પ્રદેશનાં આગ્રા, બરેલી તથા લખનૌ ઉપરાંત ચંદીગઢ તથા હરીયાણામાં પણ વિઝીબીલીટી ઝીરો રહી હતી. કાતિલ ઠંડી તથા ઘુમ્મસના કહેરથી પાટનગરવાસીઓને ઘરમાં કેદ રહેવાની ફરજ પડી હતી. જનજીવન પ્રભાવીત બન્યુ હતું અને પરિવહન ઠપ્પ થઈ જવાની હાલત હતી. લાંબા અંતરની સંખ્યાબંધ ટ્રેનો કલાક મોડી દોડતી હતી. જયારે ૩૦૦ જેટલી ટ્રેનો રદ કરી દેવામાં આવી હતી. ૨૩ ટ્રેનોને ડાઈવર્ટ કરવામાં આવી હતી. જયારે ૩૯ ટ્રેનોના સમયમાં બદલાવ કરવામાં આવ્યો હતો.

સમગ્ર ઉતર ભારત ઠંડીનો પ્રકોપ ઝેલી રહ્યાની સ્થિતિ હતી. હરીયાણા, પંજાબ, ઉતરપ્રદેશ, ચંદીગઢમાં પણ સમાન હાલત વચ્ચે જનજીવન પ્રભાવીત રહ્યું હતું. ઉતરાખંડમાં ગાત્રો થિજાવતી ઠંડીનો સિલસિલો યથાવત રહ્યો હતો. હવામાન વિભાગે આવતા દિવસોમાં જોરદાર હિમવર્ષાની પણ આગાહી કરી હતી. કેદારનાથમાં તાપમાનનો પારો માઈનસ-૨ ડીગ્રી નોંધાયો હતો. શિયાળુ વધુ આકરો બનવાની આગાહી વચ્ચે દિલ્હીમાં સરકારે ૧૫ મી જાન્યુઆરી સુધી શાળાઓમાં રજા જાહેર કરી દીધી છે. તાપમાનનો પારો ૧.૯ ડીગ્રીએ છેલ્લા બે વર્ષનાં સૌથી નીચા સ્તરે પહોંચતા આ નિર્ણય લેવાયો હતો.

## રાજકોટવાસીઓને નજીકના ભવિષ્યમાં જ મળશે આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સુવિધા

કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. એરપોર્ટની નિર્માણની કામગીરી 24x7 અવિરત ચાલી રહી છે,સમગ્ર પ્રોજેક્ટની ૯૦ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ ચુકી હોવાની માહિતી પ્રોજેક્ટ અધિકારીએ આપી હતી. આ તકે મામલતદાર કરમટા, તલાટી મંત્રીઓ,નેશનલ હાઇવે ઓથોરિટી, આર.એન્ડ બી.,પંચાયત, પાણી પુરવઠા,ઈરીગેશન સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મનપાની રીકવરી ઝુંબેશઃ ૧૧ મિલ્કતો સીલ, ૫૪ મિલ્કતોને નોટીસ, રૂા.૪૩.૯૨ લાખની રીકવરી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજકોટ મનપા દ્વારા રીકવરી ઝુંબેશ આરંભાઈ છે. તા.૯ ના સવારે ૧૨ કલાકે વેરા-વસુલાત શાખા દ્વારા કુલ -૧૧ મિલ્કતોને સીલ કરેલ હતા. તથા ૫૪ -મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ અપાઈ હતી. જયારે રૂા.૪૩.૯૨ લાખ રીકવરી કરાઈ હતી.

વર્ષ ૨૦૨૨-૨૩ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં વોર્ડ નં-૧ માં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ ધ સ્પાર માં ૬-યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપેલ વોર્ડ નં-૪ માં મોરબી રોડ પર આવેલ અવધ રેસ્ટોરન્ટ યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપતા રીકવરી રૂ.૯૬,૦૦૦ મેંગો માકેટમાં આર.આર.ફૂટ ના બાકી માંગણા સામે નોટીસ. વોર્ડ નં-૫ માં રણછોડનગર વિસ્તારમાં ૪-યુનિટને ટાંચ જપ્તીની નોટીસ આપેલ. વોર્ડ નં-૬ માં સંત કબીર રોડ પર ૨-યુનિટ સીલ કરતા રીકવરી રૂ.૧.૩૦ લાખ વોકલી રોડ પર ૩-યુનિટને ટાંચ જપ્તીની નોટીસ આપેલ. પેડક રોડ પર ૪-યુનિટને ટાંચ જપ્તીની નોટીસ આપેલ.

વોર્ડ નં-૭ માં રજપૂતપરામાં આવેલ ઉમેશ કોમ્પ્લેક્ષ ૧-યુનિટને સીલ કરતા રીકવરી રૂ.૧.૦૧ લાખ રજપૂતપરામાં આવેલ ઉમેશ કોમ્પ્લેક્ષ ઓફિસ નં.૩૦૭,૧૧૪ ને સીલ. રજપૂતપરામાં આવેલ આકાર કોમ્પ્લેક્ષ ૪-યુનિટને સીલ. લોધાવાડ ચોક માં આવેલ મારૂતી કોમ્લેક્ષ માં ઓફિસ નં.૪૦૧,૩૧૬ સીલ.

વોર્ડ નં-૯ માં સાધુવાસવાણી રોડ પર ૫-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ. વોર્ડ નં-૧૦ યુનિ. રોડ પર આવેલ ૧૩-યુનિટના બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૧૦.૬૧ લાખ સમ્રાટ ઇન્ડ. એરીયામાં ૬-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૧.૭૫ લાખ વોર્ડ નં- ૧૪ માં ડેકોરા ફર્નિચરના યુનિતને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ હતી. બાપુનગર વિસ્તારમાં ૩-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ હતી. જયારે વોર્ડ નં- ૧૫ થી ૧૬ માં પણ આ ઝુંબેશ હાથ ધરાઈ હતી.

સે.ઝોન દ્વારા કુલ -૯ મિલ્કતોને સીલ મારેલ તથા ૧૨-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૯.૪૪ લાખ, વેસ્ટ ઝોન દ્વારા કુલ-૨૪-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૧૯.૨૨.લાખ, ઇસ્ટ ઝોન દ્વારા કુલ -૨ મિલ્કતોને સીલ મારેલ તથા ૧૮-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા. ૧૫.૨૬ લાખ, આજ રોજ વેરા-વસુલાત શાખા દ્વારા કુલ -૧૧ મિલ્કતોને સીલ કરેલ તથા ૫૪ -મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ રીકવરી રૂા.૪૩.૯૨ લાખ રીકવરી કરેલ છે.

આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી,મયુર ખીમસુરીયા,વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશ્નર સમીર ધ્રુડક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# સપ્ત સંગીતિના અંતિમ દિને હરિપ્રસાદ ચૌરસીયાના વેણુનાદથી શ્રોતાઓ ઝુમી ઉઠયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

સપ્ત સંગીતિના સાતસુર સમા અંતિમ દિવસે પદ્મવિભુષણ હરિપ્રસાદ ચૌરસીયાજીના વેણુનાદથી વૃંદાવન બની ગયું હતું. તેમણે ૮૪ વર્ષની જૈફ વયે યુવાનોને પણ શરમાવે તેવી ઉર્જા સાથે કાર્યક્રમ આપી શ્રોતાઓને કૃતજ્ઞ કર્યા નિઓ રાજકોટ ફાઉન્ડેશન ટીમને ધન્યવાદ આપતા પંડિતજીએ કહ્યુ કે આવા કાર્યક્રમોના આયોજનની પરંપરા અવિરત રહેવી જોઈએ જેથી વિશ્વફલક ઉપર ગુજરાત વ્યાપાર માટે જ નહી કલા માટે પણ ઓળખાય સપ્ત સંગીતિની સાત દિવસની સફર જાણે કે કલારસિકો માટે તો પળવારમાં પસાર થઈ ગઈ હોય તેવુ લાગ્યું હતું. નૃત્ય, વાદન અને ગાયન એમ ત્રણ રસના મિશ્રણથી બનેલ આ સમારંભ તેના અંતિમ પડાવમાં પદ્મવિભુષણ હરિપ્રસાદ ચૌરસીયાજીના વેણુનાદથી સમાપ્ત થયો હતો. કાર્યક્રમની શરૂઆત આજના પેટ્રન રાધિકા જવેલટેકના અશોકભાઈ અને રાજકોટ કલેક્ટર અરૂણ મહેશબાબુના શુભહસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવ્યો હતો. શુભેચ્છક ડો. સંજયભાઈ ગદ્રે અને પરિવારના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. અંતિમ દિવસની શરૂઆતમાં પદ્મભૂષણ સુપ્રસિદ્ધ ખયાલ ગાયક સ્વ. રાજન મિશ્રાજીને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. તેઓ દેશના સુપ્રસિદ્ધ ગાયક હતા અને ૨૦૧૯ નાં વર્ષમાં રાજકોટ ખાતે સપ્ત સંગીતિમાં તેઓએ રાજકોટની કલાપ્રિય જનતાને શાસ્ત્રીય ગાયનનું રસપાન કરાવ્યું હતું. સભાના પહેલા ભાગમાં રાજકોટના જાણીતા કલાકાર પલાશ ધોળકિયા એ શાસ્ત્રીય કંઠય સંગીત રજુ કર્યું હતું

# વોર્ડ નં.૧ માં કોમ્યુનિટી હોલ બનાવવા નિર્ણય લેવાશે

## કાલે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ મિટિંગઃ કુલ ૪૫ દરખાસ્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મિટિંગ તા.૧૦ ને મંગળવારે બપોરે ૧૨ કલાકે મહાનગરપાલિકા કચેરીમાં પ્રથમ માળે આવેલ સ્ટેન્ડિંગ કમિટી કોન્ફરન્સ રૂમમાં રાખવામાં આવેલ છે. સ્ટેન્ડિંગ કમિટીમાં કુલ ૪૫ દરખાસ્તો મુકવામાં આવી છે.

વોર્ડ નં.૧ માં ટી.પી.સ્કીમ નં.૨૨(રૈયા), એફ.પી.નં.૬૦/એ. અંતર્ગત સંતોષ પાર્ક મેઇન રોડ પર કોમ્યુનિટી હોલ બનાવવા દરખાસ્ત મુકવામાં આવી છે.

શહેરના વોર્ડ નં.૬ માં કનકનગર પાસે આવેલ બગીચા ફરતે ફૂટપાથમા જુની લાદી કાઢી, ફૂટપાથ કરવાના અને અંદરના ભાગે વોકવે ટ્રેકમાં પેવિંગ બ્લોક નાખવાના કામ, શહેરના વોર્ડ નં.૧૮ માં કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર લાઇન નાખવાના કામ, શહેરના વોર્ડ નં.૫ માં સદ્ગુરૂ રણછોડનગરથી સરદાર પટેલ સલસાયટી મેઇન રોડથી સ્કૂલ નં.૩૨ પાસેના વોકળા સુધી પાણી નિકાલ માટેની પાઇપ ગટર નાખવાના કામ અંગે આવતીકાલની સ્ટેન્ડિંગ કમિટીની મિટિંગમાં નિર્ણય લેવામાં આવશે.

# ઉત્તરાયણમાં સસ્તું ઊંધીયું દાઢે વળગશેઃ લીલાં શાકભાજીના સતત ઘટતા ભાવ

## શિયાળામાં મોટાભાગના શાકભાજી સસ્તા મળતા હોવાથી ગૃહિણીઓ રાજી



### તલ અને સિંગની ચિક્કીમાં ૨૦ ટકાનો વધારો

ઉત્તરાયણમાં સિંગ તલની ચિક્કીના ભાવોમાં વધારો થયો છે. સિંગ, તલ અને ગોળના ભાવો વધવાને લીધે આ વખતે તેના ભાવોમાં વીસ ટકા સુધીનો વધારો થયો છે. સામાન્ય દિવસોમાં સિંગ અને તલની ચિક્કી ૧૪૦ માં મળતી હતી જે હાલમાં રૂ.૧૮૦ થી રૂ.૨૨૦ કિલોમાં મળી રહી છે.આ ઉપરાંત ઉત્તરાયણમાં લોકો ઘાબા ઉપર મમરાના લાડુ, જીંજરા,જામફળ, શેરડી, બોર વગેરે આરોગી અનેરો આનંદ મેળવતા હોય છે.

### શાકભાજી ભાવ કિલોના

| | |
|---|---|
| તુવેર- રૂ.૩૫ | મેથી રૂ.૨૫ |
| લીલી ડુંગળી - રૂ.૨૦ | ગાજર.- રૂ.૨૫ |
| લીલું લસણ - રૂ.૬૦ | મૂળા - રૂ.૨૫ |
| તુરિયા - રૂ.૪૦ | ચોળી - રૂ.૧૦૦ |
| પાલક - રૂ.૨૫ | ગુવાર - રૂ.૭૦ |
| સીમલા મરચાં - રૂ.૪૦ | સરગવો - રૂ.૭૦ |
| ટામેટાં - રૂ.૨૦ | ટીંડોળા - રૂ.૭૦ |
| રવૈયા - રૂ.૪૦ | પવર - રૂ.૭૦ |
| દેશી મરચા - રૂ.૩૦ | લીંબુ - રૂ.૪૦ |
| ફણસી - રૂ.૭૦ | દૂધી - રૂ.૩૦ |
| ડુંગળી - રૂ.૩૦ | દેશી કાકડી - રૂ.૫૦ |
| બીટ - રૂ.૪૦ | ભીંડા - રૂ.૭૦ |
| આદું - રૂ.૩૦ | બટાકા - રૂ.૨૦ |
| કોબી - રૂ.૨૦ | કોથમીર - રૂ.૨૫ |
| ફુદીનો - રૂ.૩૦ | લીલા વટાણા - રૂ.૨૦ |
| રતાળું - રૂ.૩૦ | |

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

શિયાળામાં ઠંડી થોડી ધીમી પડી છે તો શાકભાજીના ભાવોની ગતિએ પણ પ્રમાણમાં ધીરજ રાખી છે. શિયાળામાં મોટાભાગના શાકભાજી સસ્તા મળતા હોવાથી ગૃહિણીઓ રાજી રાજી થઈ ગઈ છે. શિયાળામાં સામાન્ય રીતે શાકભાજી સસ્તા મળી રહ્યા છે.

રૂ.૨૦નું ૫૦૦ ગ્રામ શાકભાજી મળી રહ્યું છે. તુવેરનો ભાવ ઘટયો હોવા છતા લીલવાની કચોરીના ભાવ રૂ.૪૦૦ થી ૫૦૦ રૂપિયા કિલો મળી રહી છે. મરચાં રૂ.૩૦ ના કિલો મળી રહ્યા છે.ટામેટાં,ભાજી, વટાણા,તુવેરના ભાવ ઘટી ગયા છે.જયારે ભીંડા, ચોળી,ગવાર,પાપડી,રવૈયા સહિતના પણ ભાવો ઘટ્યા છે.

ભાજીઓમાં કોથમીર, મેથી, પાલક સહિતની ભાજી રૂ.૨૦ થી ૩૦ ની કિલો વેચાય છે.

આ સામગ્રી ઊંધિયામાં મુખ્ય હોવાથી ઊંધિયાના ભાવ ઉત્તરાયણ પર્વ ઘટી શકે તેમ છે.જેના લીધે ફરસાણ મીઠાઈની ઉંધિયું પ્રતિ કિલો રૂ.૩૫૦ ના ભાવથી વેચાણ ચાલુ થયું છે.

લીલા શાકભાજી, કઠોળ, લીલા રીંગણા, લીલું લસણ, ડુંગળી ઉપરાંત મૂળ શાકભાજી જેમ કે સક્કરીયા અને જાંબલી રતાળુ ફરી સસ્તા થઈ ગયા છે. શિયાળામાં જીવન જરૂરી કહી શકાય તેવી શાકભાજીના ભાવો ઘટતા લોકો આ લીલા શાકભાજીનો ભરપૂર માત્રામાં ઉપયોગ કરી રહ્યા છે.

# ૨૧ આસામીઓ પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી રૂ. ૭,૦૫૦ ચાર્જ વસુલાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ - ૨૦૨૧ અન્વયે ૧૨૦ માઈક્રોનથી ઓછી ઝાડાઇની પ્લાસ્ટીક કેરી બેગ્ઝ તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટીક ઉત્પાદન, સંગ્રહ, વેચાણ, વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવેલ છે. સિંગલ યુઝ પ્લાસ્ટીક અને ૧૨૦ માઈક્રોનથી ઓછી ઝાડાઇની પ્લાસ્ટીક કેરી બેગ્ઝ વાપરવા સામે પ્રતિબંધ હોવા છતાં વેસ્ટ ઝોન ખાતેના માર્ગો જેવાકે શાસ્ત્રી નગર શાક માર્કેટ, પંચવટી મેઈન રોડ અતિથી ચોક, સાધુ વાસવાણી રોડ, સત્ય સાઈ રોડ, બાલાજી હોલ, મવડી ચોક વગેરે માર્ગો પર આવેલ દુકાનો, હોકર્સ ઝોન દ્વારા પ્લાસ્ટિક કેરી બેગ્ઝનો વપરાશ કરાવામાં આવતા, પ્રતિબંધિત પ્લાસ્ટિક કેરી બેગ્ઝ જપ્ત કરી ૨૧ આસામી પાસેથી રૂ. ૭૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

મહાનગરપાલીકા કમિશનર અમિત અરોરાના આદેશ અન્વયે નાયબ કમિશનરના માર્ગદર્શન હેઠળ વેસ્ટ ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેર દિગ્વિજયસિંહ તુવરની દેખરેખમાં આસી. પર્યાવરણ ઇજનેર રાકેશ શાહ, સેનેટરી ઓફિસર મૌલેશ વ્યાસ ની હાજરીમાં વેસ્ટ ઝોન સેનેટરી ઇન્સ્પેક્ટર જાદવ નવીનચંદ્ર, નિલેષ ડાભી, મનોજ વાઘેલા, કેતન લખતરીયા, પિયુષ ચૌહાષ, કૌશિક ઘામેચા, તથા એસ.એસ.આઇ ચાવડાભાઈ, બારોટ ભાઈ, ઉદયસિંહ, ઉપાધ્યાયભાઈ, વિશાલ કાપડિય, નીતિનભાઈ, વિમલભાઈ દ્વારા કરવામાં આવેલ છે.

# પત્ની સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરનાર પતિની આગોતરા જામીન અરજી રદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

લગ્ન જીવન દરમીયાન ત્રાસ આપી મારકુટ કરી પત્નિ સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરવાના ગુનામાં અદાલતે આરોપી પતિની આગોતરા જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે. આ કેસની હકીકત હકીકત મુજબ રાજકોટમાં ભોગ બનનારે મહિલા પોલીસ સ્ટેશનમાં સંતકબીર મેઈન રોડ, ગાંધી સોસાયટી ખાતે રહેતા અને ઈમીટેનશનના ધંધા સાથે સંકળાયેલા પતિ ભોગ બનનારને અવાર નવાર ત્રાસ આપી, મારઝુડ કરી બે સગીર સંતાનોની હાજરીમાં અમાનુષી સીતમ ગુજારી વિકૃત શારીરિક સંતોષ મેળવવા ભોગ બનનાર પત્ની સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરી તે રીતે શરીર સુખ માણી વિકૃત આનંદ લઈ ગુન્હો આચર્યા સબંધની ભોગ બનનારે તેણીના પતિ ભાવેશ કરમણભાઈ રંગાણી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. ભોગ બનનાર મહિલાના પતિએ પોતાની સંભવિત ધરપકડ સામે રાજકોટ સેશન્સ અદાલતમાં આગોતરા જામીન અરજી કરી પોતે નિર્દોષ હોવાનું અને ખોટી રીતે સંડોવી દીધાનું અગાઉ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અરજી કરેલ તે વખતે પણ ફરિયાદની હકીકતો જણાવેલ ન હોવાનું જણાવી જામીન ઉપર મુક્ત કરવા કરેલ રજૂઆતો સામે સરકાર દ્વારા અને મુળ ફરીયાદ પક્ષેના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો ધ્યાને લઇ આરોપી પતિની જામીન અરજી નામંજુર કરતો હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં મુળ ફરિયાદી વતી એડવોકેટ લલિતસિંહ જે. શાહી, ભુવનેશ શાહી, કુણાલ શાહી, સી.અમે. દક્ષીપી, યોગેશ બારોટ, સુરેશ ફળદુ, હિતેષ ગોહેલ, મનીષ ગુરૂગ, નિશાંત જોષી અને સરકાર પક્ષે પ્રશાંત પટેલ રોકાયા હતા.

# સગીરાનું અપહરણ કરવાના ગુન્હામાં આરોપી જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

સગીરાનું અપહરણ કરવાના ગુનામાં પકડાયેલા આરોપીઓને જામીન ઉપર મુકત કરતી સેશન્સ કોર્ટ રાજકોટ શહેરના આજીડેમ પોલીસ સ્ટેશનમાં સગીરાના અપહરણ અંગે તેના પિતાએ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી કમલભાઈ કેશુભાઈ અજનારીયા, કૈલાશભાઈ નીમસીંગ, કમલેશભાઈ અંગરૂભાઈ ભુરીયા, રાજુભાઇ પ્યારસિંગ ભુરીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાઇ હતી. ફરિયાદ મુજબ સગીરાને આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ત્રણ મોટર સાયકલ પર આવી ફરિયાદીને તથા સાહેદને ગાળો આપી લાકડાના ધોકા વતી માર મારી મૂંઢ ઈજાઓ કરી ફરિયાદીની દીકરીનું બળજબરીથી અપહરણ કરી લઈ ગયા હતા. પોલીસે આરોપીઓની શોધખોળ કરી તેમની ધરપકડ કરી હતી. જેલહવાલે રહેલ આરોપીએ પોતાને જામીન ઉપર મુક્ત કરવા સેશન્સ (સ્પે.પોકસો) કોર્ટમાં જામીન અરજી રજુ કરતા કેસની હકીકત અને બચાવ પક્ષના વકીલોની રજૂતાને ધ્યાને લઈને અદાલતે આરોપીઓને રૂ.૨૫,૦૦૦ના શરતી જામીન ઉપર છોડવાનો હુકમ કર્યો છે.

આ કેસમાં અરજદાર આરોપીના બચાવ પક્ષે રાજકોટના ધારાશાસ્ત્રી ચીમનભાઈ ડી.સાંકળીયા, અજય એન.ત્રીવેદી, પ્રકાશ એ. કેશુર, હરેશભાઈ એલ. રાઠોડ, અહેસાન એ. કલાડીયા, સી. એચ. પાટડીયા, હિતેશભાઈ મહેતા, એન. સી. ઠકકર, મહેશભાઈ જાની તેમજ આસીસ્ટન્ટ તરીકે નિકુંજ સી. સાંકળીયા, લલીતભાઈ સી.બારોટ વગેરે રોકાયેલ હતા.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
-:શ્રદ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિકસ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

## દેહદાન મહાદાન

### અવસાન નોંધ

રાજકોટ: રાજકોટ નિવાસી ચંદુલાલ ધરમશીભાઈ શાહ (ઉ.વ.૯૫) તે ઉમેશભાઈ શાહ (જેટકો નિવૃત કા.ઈ.) તથા સંજયભાઈ, સુહાસીનીબેન, રશ્મિબેન, કલ્પનાબેન અને બિંદીયાબેનના પિતા તેમજ અ.સૌ. પલ્લવીબેનના સસરા તથા ઋષિતભાઈ અને શૈલીબેનના દાદાનું તા.૫ ને ગુરૂવારના રોજ બેંગ્લોર ખાતે અવસાન થયેલ છે.

રાજકોટ: મોટી કુંકાવાવ નિવાસી હાલ રાજકોટ સ્વ.રવિન્દ્રભાઈ ગીરધરલાલ દોશી (મુળ રામોદવાળા) ના પત્ની કુસુમબેન (ઉ.વ.૬૮) તે ચેતનભાઈ, આનંદભાઈ તથા પારૂલબેનના માતા તથા રૂપલબેન, રજનીબેન તથા ચંદ્રેશભાઈ મહેતાના સાસુ તથા હર્ષવી, માનસી, અભીના દાદી તેમજ સ્વ.રૂષભ અને ખુશીના નાનીનું તા.૭ ને શનિવારના રોજ અવસાન થયેલ છે.

# ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજકોટ શહેર ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ ધીરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ના મંત્રી વતી ઠે.સભાસદ ભવન, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટવાળા પાસેથી આરોપી મનસુખભાઈ કાનજીભાઈ જેઠવાએ ફરિયાદી મંડળી પાસેથી તેઓની જરૂરીયાત મુજબ લોન લીધેલ હતી, જે લોન પરત ચુકવવાના હપ્તા નકકી થયેલ, તે લોનની લેણી રકમ પરત ચુકવવા માટે નો ચેક આપેલ હતો. જે ચેકની રકમ વસુલ થવા માટે બેન્ક ખાતામાં રજુ કરતા, આ ચેક રીર્ટન થયેલ હતો. જે અંગેની નોટીસ આરોપીને આપેલ હતી જે તેઓને મળી ગયેલ હતી, તે નોટીસનો જવાબ આપેલ નહી. આરોપીએ પૈસા ન ભરતા ફરિયાદીએ ફરિયાદ દાખલ કરવામાં આવેલ હતી. જે કેસમાં આરોપી હાજર થયેલ હતા અને કેસમાં પુરાવો લેવામાં આવ્યો હતો.

ત્યારબાદ ફરિયાદીના વકીલની દલીલોને ધ્યાને લઈને કોર્ટે આરોપીને એક (૧) વર્ષની સજા તથા રૂા.૨,૯૬,૯૬ ફરિયાદીને દિવસ-૬૦ માં વળતર પેટે ચુકવવામાં કસુર થયે વધુ ૧ માસની સજાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ મુકેશ આર. કેશરીયા તથા સંજયસિંહ આર. જાડેજા તથા આર.એન.મંજુષા રોકાયેલ હતા.

# ૮૭ લાખની છેતરપીંડીના કેસમાં આરોપી જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

ઉતર પ્રદેશના ગાઝીયાબાદ મુકામે રહેતા સપના યોગેશ ગૌતમ અને તેનો પતિ યોગેશ ફકીરચંદ ગૌતમે સાથે મળી એકસ માસ્ટર પોર્નસાઈટ મારફત રાજકોટના વેપારીનો કોન્ટેક કરી ટોકન અપાવવાના બહાને ૮૭ લાખ જેટલી મોટી રકમ ઓળવી લીધેલ હતી જેની રાજકોટના સી.આઈ.ડી ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી અંગેની ફરિયાદ નોંધાયેલી હતી.



(એડવોકેટઃ અતુલ ફળદુ)

કેસમાં રાજકોટની સી.આઈ.ડી ક્રાઈમ પોલીસે ગાઝીયાબાદ જેલથી આરોપી સપના યોગેશ ગૌતમ અને તેનો પતિ યોગેશ ફકીરચંદ ગૌતમનો કબ્જો મેળવી રાજકોટની કોર્ટ હવાલે કરી જેલમાં મોકલાવેલ હતા. ત્યારબાદ આરોપી યોગેશ ફકીરચંદ ગૌતમે વકીલ રાખી રાજકોટની સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરેલ હતી. જેમાં આરોપી તરફે દલીલ હતી કે ફરિયાદીએ જાતે ઓનલાઈન ટ્રાન્જેકશન કરેલા છે અને સતત બે વર્ષ સુધી બેંકમાંથી પોતે જાતે રૂપિયા ટ્રાન્સફર કરેલા છે તેથી ફરિયાદીની આટલી મોટી રકમની છેતરપીંડી બાબત શંકાસ્પદ જણાતી હોય રાજકોટની સેશન્સ કોર્ટે ગાઝીયા બાદનો આરોપી યોગેશ ફકીરચંદ ગૌતમને જામીન મુકત કરતો હુકમ કરેલ છે. આ કેસમાં ગાઝીયાબાદના આરોપી તરફે રાજકોટના વકીલ અતુલ સી. ફળદુ રોકાયેલ હતા.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti


સૌરાષ્ટ્રમાં આજે ભુજ, ભાવનગર અને રાજકોટ શહેરમાં PGVCLની ૧૧૭ ટીમના દરોડા

# નવા વર્ષના શરૂઆતમાં ૧.૫૦ કરોડની વીજચોરી ઝડપાઇ





## રાજકોટ શહેરમાં આજે ૪૬ ટીમે ચેકિંગ હાથ ધર્યું: ભાવનગર સર્કલ હેઠળ ચેકિંગમાં ૩૮ ટીમ ઉતરી

રાજકોટ, તા.૯

નવા વર્ષની શરૂઆતથી વીજચોરી કરતા લોકો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહી આજે બીજા સપ્તાહે પણ સતત યથાવત રાખવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં આજે વહેલી સવારથી પીજીવીસીએલની કોર્પોરેટ ટીમ દ્વારા રાજકોટ સિટી સર્કલ ૧ ડિવિઝન હેઠળ તેમજ ભાવનગર અને ભુજ ડિવિઝન વિસ્તારમાં અલગ અલગ ૧૧૭ ટીમે દરોડા પાડી વીજ ચેકીંગ હાથ ધર્યું છે. નવા વર્ષની શરૂઆતમાં જ સૌરાષ્ટ્રમાંથી ૧.૫૦ કરોડની વીજચોરી ઝડપાઇ છે.

રાજકોટ ગ્રામ્ય બાદ શહેરી વિસ્તારમાં વીજ ચેકિંગ અંગે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે વહેલી સવારથી રાજકોટ શહેરમાં સતત પાંચમા દિવસે પ્રહલાદ પ્લોટ, આજી ૨, મિલપરા અને સોરઠિયાવાડી સબ ડિવિઝન હેઠળ આવતા વિસ્તારમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આજે વહેલી સવારથી અલગ અલગ ૪૬ ટીમ દ્વારા મિલપરા, સોરઠિયાવાડી, ભક્તિનગર, પટેલનગર, લાલબહાદુર, લાલપરી સહિત ૧૫ જેટલા વિસ્તારમાં વીજચોરી ઝડપી પાડવા કવાયત શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૧ ઊંટના ૪ ફીડર આવરી લેવામાં આવ્યા છે.

રાજકોટ શહેરની સાથે સાથે આજે ભુજ અને ભાવનગર ડિવિઝન હેઠળ વિસ્તારોમાં વહેલી સવારથી વીજ ચેકિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. ભુજ સર્કલ અંતર્ગત અને માધાપર સબ ડિવિઝન હેઠળ વિસ્તારમાં કુલ ૩૩ ટીમ જ્યારે ભાવનગર સર્કલ હેઠળ આવતા ચિત્રા, ઘોઘા અને સબ ડિવિઝન હેઠળના વિસ્તારમાં કુલ ૩૮ ટીમ દ્વારા દરોડા કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે નવા વર્ષની શરૂઆત થતા PGVCL દ્વારા રાજકોટ ગ્રામ્ય, સુરેન્દ્રનગર અને જામનગર સર્કલ હેઠળ આવતા વિસ્તારોમાં વીજ ચેકિંગ અંગે દરોડા કરી ૫૦૦ જેટલા કનેક્શનમાંથી ૧.૫૦ કરોડથી વધુની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી. ત્યારે આજે પણ સવારથી શરૂ થયેલ દરોડામાં મોટા પ્રમાણમાં વીજચોરી ઝડપાઇ તેવી શક્યતા છે.

સૌરાષ્ટ્રભરમાં પીજીવીસીએલ દ્વારા એપ્રિલ ૨૦૨૨થી નવેમ્બર ૨૦૨૨ સુધીમાં ૪૯,૯૮૮ વીજ કનેક્શનમાં થતી ગેરરીતિ ઝડપી લઇ ૧૩૧ કરોડ ૭૮ લાખ ૯૦ હજારની વીજચોરી ઝડપી લેવામાં આવી હતી. જેમાં રાજકોટ શહેરમાં ૧૨.૩૦ કરોડ, રાજકોટ ગ્રામ્યમાં ૧૫.૧૮ કરોડ, મોરબીમાં ૯.૩૭ કરોડ, પોરબંદરમાં ૯.૬૧ કરોડ, જામનગરમાં ૧૫.૮૪ કરોડ, ભુજમાં ૫.૩૫ કરોડ, અંજારમાં ૯.૬૨ કરોડ, જૂનાગઢમાં ૮.૮૯ કરોડ, અમરેલીમાં ૧૨.૧૭ કરોડ, બોટાદમાં ૬.૧૩ કરોડ, ભાવનગરમાં ૧૮.૨૧ કરોડ અને સુરેન્દ્રનગરમાં ૯.૦૬ કરોડની વીજચોરી ઝડપાઈ હતી.

ઉલ્લેખનીય છે કે અધિકારીઓના મળેલા સેમિનારમાં ઉચ્ચ અધિકારીઓએ આગામી દિવસોમાં વીજચોરી અટકાવવા માટે મોટાપાયે ચેકિંગ હાથ ધરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. શિયાળાની ઋતુ દરમિયાન કારખાનાઓ, રેસ્ટોરન્ટ, ફાર્મ હાઉસ, ઈન્ડસ્ટ્રીઝ સહિત અનેક વિસ્તારોમાં પાવરચોરીનું દૂષણ વધતું હોવાથી આ વિસ્તારોમાં સઘન ચેકિંગ શરૂ કરવામાં આવનાર હોવાનું પણ સામે આવ્યું છે.

# વોકહાર્ટ હોસ્પિટલ ખાતે ગુજરાતનું ફેફસાનું અંગદાન

### હૃદય, ફેફસા, કિડની, લીવર અને ચક્ષુથી ૭ ને નવજીવન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯



તાજેતરમાં વોકહાર્ટ હોસ્પિટલ ખાતે ૪૮ વર્ષીય દેવાયતભાઈ રામભાઈ બાલસરા નામના દર્દીને બ્રેઈન હેમરેજની સારવાર માટે લાવવામાં આવેલ હતા.પ્રાથમિક સારવાર કેશોદની હોસ્પિટલમાં કરવામાં આવી હતી અને સીટી સ્કેન કરતા માલુમ થયુ કે બ્રેઈનમાં હેમરેજ થઈ ગયુ છે આથી વધુ સારવાર માટે દર્દીને વોકહાર્ટ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા અને નિષ્ણાંત ન્યુરોસર્જન ડો.કાંત જોગાણીની દેખરેખ હેઠળ સારવાર શરૂ કરવામાં આવી.

ડો.કાંત જોગાણીએ આ દર્દીની માહિતી આપતા જણાવેલ હતુ કે આગળની તપાસ કરી અને મગજની એન્જીયોગ્રાફી કરતા ખ્યાલ આવ્યો કે એમની મગજની ધમનીમાં એન્યુરીઝમ એટલે કે ધમની ફુલી ગયેલ છે અને તેમાંથી બ્લીડીંગ પણ થયુ છે. આ માટે તા.૩૦ ડિસેમ્બરના રોજ તાત્કાલીક ઓપરેશન કરી કલીપ કરીને હેમરેજને બંધ કરવામાં આવ્યુ.પરંતુ આ સઘન સારવાર કરવા છતા પણ દર્દીની હાલત ખરાબ થતી રહી અને અંતે દર્દીને બ્રેઈન ડેડ થઈ ગયુ.

દર્દીના પુત્ર કિરીટભાઈ, નાનાભાઈ છગનભાઈ અન ભાણેજ ભરતભાઈ ને દેવાયતભાઈના બ્રેઈન ડેડ થયાની જાણ કરી અને એમનુ અંગદાન પણ થઈ શકે તેવી સમજણ તેમને આપવામાં આવી ત્યાબાદ દેવાયતભાઈના સમગ્ર કુટુંબીજનોએ અંગદાનના આ ઉમદા કાર્ય માટે સહમતી આપી. દેવાયતભાઈના અંગદાન માટેની માહિતી તા.૩ જાન્યુઆરીના રોજ તુરંત જ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન રાજકોટની સંસ્થા અને તેની સાથે જોડાયેલ નેફ્રોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફીઝીશ્યન ડો.દિવ્યેશ વિરોજા અને વોકહાર્ટ હોસ્પિટલમાંથી અંગદાન ટ્રાન્સફરના કોર્ડીનેટર ડો.વિશાલ ભાલોડી દ્વારા બ્રેઈન ડેડ દર્દી માટે જરૂરી ટેસ્ટની તૈયારી,અંગદાન માટેની ગુજરાત સરકારની કમિટી સાથે સંકલન અને દર્દીના આંતરીક અંગો બરાબર કાર્યરત રહે એ માટેની પ્રક્રિયા શરૂ કરી.

# "ઝરૂખો"

## આપણે જે ધારી લઈએ તે બધું પાર નથી પડતું

આજનો માણસ તર્ક અને વિજ્ઞાનના ઉપયોગથી અનેક સફળતા મેળવી છે. માણસે રેતીના કણમાંથી બનેલી સિલિકોન ચિપ્સના ઢગલાબંધ માહિતી સંગ્રહિત કરી તેનો વિસ્તૃત ઉપયોગ શક્ય બનાવ્યો છે. પરંતુ જીવનમાં તર્ક કરતા પણ વધારે જરૂરી તત્વ શ્રધ્ધા છે કારણ કે, જીવનનું ગણિત તર્કથી પર છે.

વિક્ટર હુગો નામના નવલકથાકારે ૧૮૬૨ માં એક અદ્‌ભુત રચના રજુ કરી તેનું નામ હતું 'લા મિઝરેબલ'. આ નવલકથાનો પ્રોટાગોનિસ્ટ જ્યોં વેલ્જ્યો ઈશ્વરને માણસમાં રહેલા વિશ્વાસને શ્રધ્ધાનું અદ્‌ભુત ઉદાહરણ છે. પોતાની બહેનના સંતાનો ભૂખે મરતા હોય છે તે જ્યોંથી સહન નથી થતું એટલે તે બ્રેડની ચોરી કરે છે. તેના માટે તેને જેલમાં મોકલવામાં આવે છે. જેલમાંથી બહાર આવ્યા પછી પણ તેને સામાન્ય જીવન જીવતા તેને ઘણો સમય લાગે છે. તે ચોરી કરીને એક પાદરીને મળે છે અને કહે છે કે, મેં ચોરી કરી છે. પાદરી તેને માફ કરી દયે છે. એટલે જ્યોં ને નવાઈ લાગે છે. પાદરીએ તેને આટલી સરળતાથી કેવી રીતે માફ કરી દીધો, એટલે તે સવાલ કરે છે કે, ચોરી જેવા ગુના માટે તો કાયદો કડક છે અને તમે મને સરળતાથી માફ કરી દીધો. પાદરી તેને જણાવે છે. મને તારામાં શ્રધ્ધા છે તું ફરીથી આવું નહીં કરે. મને તો માણસ માત્રમાં શ્રધ્ધા છે. જો હું માણસમાં જ શ્રધ્ધા ના રાખું તો ઈશ્વરમાં શ્રધ્ધા રાખવાનો કોઈ અર્થ જ નથી.



જાગૃતિ દવે મિશ્રા
(બરોડા)




માણસ ઈશ્વરનું જ સર્જન છે. વાત તો ખરેખર સાચી છે. આપણે ખરેખર તો વિશ્વાસ ઈશ્વરમાં રાખવાનો છે અને માણસમાં શ્રધ્ધા રાખવાની છે પણ આપણે તો ધારો કે ના ચક્કરમાં સદીઓથી ઊંધું જ કરતા આવ્યા છે. આપણને માણસમાં વિશ્વાસ નથી અને ઈશ્વરમાં શ્રધ્ધા રાખતા ફરીએ છે. વાસ્તવિકતાએ છે કે, આપણે જે ધારીએ છે તેવું જ આપણી સાથે થાય છે, આપણે પહેલાથી જ નેગેટીવ વિચારીએ છે તો આપણી સાથે તે જ થવાનું છે. ઈશ્વર તો તથાસ્તુ જ કહે છે. આપણી આ ઈચ્છા અને ધારણાઓ જ અવડચંડી છે, એટલે જ આપણને મુશ્કેલી પડે છે.

જીવનમાં એવું બને કે સામેની વ્યક્તિ આપણી ધારણા પ્રમાણે ના વર્તે અને ધારણાથી વિરૂધ્ધ આપણને દુઃખ પહોંચાડે. આવી બધી શક્યતાઓ વચ્ચે સામેની વ્યક્તિની પણ ધારણા હશે. આપણે એક અનુભવના આધારે જિંદગીની આખી ઈમારત ચણવા બેસી જઈએ છે. દરેક સંબંધની ઈમારતમાં શ્રધ્ધાને વિશ્વાસનો સિમેન્ટ નાખવાના બદલે ધારણા અને અવિશ્વાસની રેતી નાખી દઈએ છે. તેના કારણે જ સંબંધોના પાયા ઢીલા પડી જાય છે. આપણે દરેક સંબંધો ધારણાઓના પરિઘમાં જ સમાયેલા છે. તેની પાછળ નક્કર કારણ એવું પણ છે કે, આપણે અનુભવસિદ્ધિ ધારણાઓના શાસ્ત્રી છે. માણસ સામાજીક પ્રાણી છે અને સમાજમાં તે ધારણાના આધારે જ આગળ વધતો હોય છે. ગમે તેવો ચાલાક, ઈન્ટેલીજન્ટ, પ્લાનિંગ કરનાર, સકસેસફૂલ માણસ હોય તે પણ પોતાની જિંદગીમાં ધારણાઓના આધારે જીવતો હોય છે. તેના મનનો એક ખૂણો તેને ધારણા કરવા પ્રેરે છે. આપણને ભલે ભૂતકાળ જેવી પીડા થાય, વિશ્વાસઘાત મળે છતાં પણ આપણે ધારણાઓ પ્રમાણે જીવવાનું છોડતા નથી. આપણે ક્યાંક એવો વિશ્વાસ છે કે, હવે આવું નહીં થાય, હવે આ વ્યક્તિ આવું નહીં કરે. આ વિશ્વાસ ખરેખર તો માણસમાં મુકાતી શ્રધ્ધા જ છે.

ભગવાન બુધ્ધનો કિસ્સો તો બધાને ખબર જ છે. એક સ્ત્રી પોતાના મૃત બાળકને જીવતો કરવા આવે છે અને જીદ કરે છે. તેને યાદ કરી વિચારીએ કે આપણા સમાજમાં આપણી આસપાસના લોકોમાં કોઈ એવી વ્યક્તિ નહીં હોય જેને કોઈ તકલીફ નહીં હોય. કેટલાક લોકો પોતાની તકલીફો બીજાને જણાવે છે અને કેટલાક જણાવતા નથી. એટલે જ મિત્રો આપણી સમસ્યા જ એ છે કે, આપણી સાથે થયેલો એક અનુભવ આપણે સમાજ સાથે જોડી દઈએ છે. ઘરમાં કોઈ હેલ્પર ચોરી કરે તો આપણે આખા સમુદાયને એક જ લાકડીએ હાંકીએ છે. ઘણીવાર સંબંધોને ભગવાનના ભરોસે છોડવા કરતા તેને માણસના ભરોસે છોડવા વધારે સારા છે. ખરું ને તો તમે પણ વિચારો...

સૌને મારા જય શ્રીકૃષ્ણ...

# ચેક રીટર્ન કેસમાં આરોપીનું સમન્સ કાઢતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯

અજયભાઈ નરસિંહભાઈ પાટડીયાએ નરોતમભાઈ કનૈયાલાલ ઝીંઝુવાડીયાને તેમના ચાંદીના ધંધાના કામે નાણાની જરૂર હોય જેથી સંબંધના દાવે હાથ ઉછીના રૂ.૫,૫૦૦૦૦ અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા તેમની જરૂરીયાત મુજબ આપેલ હતા, અને આ નાણા આપેલ. ત્યારે નરોતમભાઈએ અજયભાઈ જોગ પ્રોમીસરીનોટ નોટરી રૂબરૂ લખી આપી બાંહેધરી આપેલ કે આ રકમ તેઓ પાંચ(૫) માસમાં પરત ચુકવી આપશે. જે પેટે નરોતમભાઈએ અજયભાઈને રૂા.૩,૫૦,૦૦૦ નો એક તથા



એડવોકેટઃ સંજય જોષી

રૂા.૨૦૦૦૦૦ નો એક એમ કુલ બે ચેક આપેલ અને બન્ને ચેક ફંડસ ઈન્સફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલ છે, જે ચેક રીર્ટન થતા અજયભાઈ પાટડીયાએ બન્ને ચેકની કુલ બે ફરિયાદ કોર્ટમાં દાખલ કરેલ છે, જે કેસ દાખલ થતા કોર્ટ દ્વારા આરોપી વિરૂધ્ધ સમન્સ ઈસ્યુ કરી કોર્ટમાં હાજર થવા હુકમ ફરમાવેલ છે. આ કેસમાં ફરિયાદી તરફે વકીલ સંજય જે.જોષી, ત્રિશાલા જોષી, રૂષી જોષી, યશ પાણ રોકાયેલ છે.

# વિનામૂલ્યે દંત ચિકિત્સા કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯

રાજકોટ વૈદ્યસભા અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે દરને મંગળવારે સવારે ૧૦:૩૦ થી ૧૨ ધન્વન્તરી ભવન, કેનાલ રોડ ખાતે વિનામૂલ્યે દંત ચિકિત્સા અને ટોકન દરે બત્રીસીના કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. ડો.જયસુખ મકવાણા, ડો.સંજય અગ્રાવત, કુ.મોનિકા ભટ્ટ, કુ.જાગૃતિ ચૌહાણ, રાજેશભાઈ વરિયા, વિનુભાઈ સેવા આપશે. જરૂરીયાતમંદ દર્દીને તદન ટોકન દરે દાંતની બત્રીસી બનાવી આપશે. જનતાને લાભ લેવા વૈદ્યસભાના પ્રમુખ ડો.એચ.એલ. મંડીર અને મંત્રી ડો.ભાનુભાઈ મેતા અને હસુભાઈ મકવાણાએ અપીલ કરેલ છે. તેમ મોનિકા ભટ્ટ યાદીમાં જણાવ્યું છે.

# પતિ પાસે ઘરખર્ચના રૂપિયા માંગતા પત્નીને જીવતી સળગાવી દીધી : સારવારમાં

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૯

બાબરા ગામે રહેતા દયાબેન મગનભાઈ વરછડા નામની ૨૮ વર્ષીય પરિણીતાના પતિને દારૂ તથા જુગાર રમવાની ટેવ હોય, પત્નીએ ઘરખર્ચના પૈસા પતિ મગનભાઈ નાથાભાઈ વરછડા પાસે માંગતા પતિએ ઉશ્કેરાઈ જઈ પત્નીને લાકડી વડે મારમારી, બાદમાં જાનથી મારી નાખવાના ઈરાદે પોતાની પત્નીનું ગળુ દબાવી દીધા બાદ કેરોસીનની બોટલ ઉપાડી પત્ની ઉપર છાંટી અને દિવાસળી ચાંપી દેતા પત્ની ઘરબહાર દોડી જતાં પડોશીએ તેમને બચાવી લીધા બાદ તેણી પોતાના પિયરમાં ચાલી ગઈ હતી અને લાઠી સરકારી દવાખાને સારવારમાં દાખલ થઈ પતિ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

રાજકોટ કણસાગરા મહિલા કોલેજ ઉપક્રમે અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ

# ગૌરીદળમાં વિજ્ઞાન જાથાનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત રાજકોટ, સમસ્ત ગ્રામજનો, પંચાયત ગૌરીદળના સહયોગથી કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના સ્પે. કેમ્પ ૨૦૨૩ ઉપક્રમે જનસમાજમાં જનજાગૃતિ માટે ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતોનો અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ તા.૧૦ ને મંગળવારે રાત્રિના ૯ કલાકે જુનો દરબાર ગઢ ગૌરીદળ મુકામે યોજવામાં આવેલ છે. જેમાં જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયા ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ આપશે.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્‌ઘાટનમાં પ્રિન્સિપાલ ડો. આર. આર. કાલરીયા, પ્રોગ્રામ ઓફિસર ડો.યશવંત કે. ગોસ્વામી, ડો.આર.સી. પરમાર, ઈન્દ્રજીતસિંહ ઝાલા, સરપંચ બીનાબેન અજાણી, ઉપસરપંચ ભરતભાઈ સોરઠીયા, મંત્રી અનિલભાઈ ડાંગર, રમેશભાઈ અજાણી, સુનિલભાઈ પરમાર, આરતીબેન અજાણી, વિજયાબેન જાદવ, તમામ સદસ્યો, મનીષભાઈ અજાણી, જયંતિભાઈ કમાણી, ગૌતમભાઈ ગજેરા, રઘુભાઈ જાદવ, ખોડીદાસભાઈ હિરાણી, હર્ષદભાઈ પરમાર, શિબીરાર્થી પ્રિયાંશી સરવૈયા, દેવાંશી પારેખ, જાનકી જાદવ, પ્રિયંકા મકવાણા, રીતુ બારાચ, આગેવાનો હાજરી આપવાના છે. તેમ જણાવ્યું છે.

# હત્યાની કોશિષ તથા લૂંટના ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯

ઘરમાં ઘુસી ૩ તોલાનો સોનાનો ચેન લૂંટી ફરિયાદીનું બાવડું પકડી પહેરે કપડા ફાડી નાખી ફરિયાદીના ભત્રીજાને છરી મારી ઇજા પહોંચાડી મહાવ્યથા કરી મૃત્યુ નીપજાવવાની કોશિષના કેસમાં પકડાયેલ આરોપી સંજય મુળુભાઈ રાજપુતનો નિર્દોષ છુટકારો.

આ કેસની હકીકત એવી છે કે, ફરિયાદી હંસાબેન હીરાભાઈ લાલજીભાઈ તેમની દીકરીઓ સાથે ઘરે હતા. ત્યારે આરોપી સંજય મુળુભાઈ રાજપુત હીરોહોન્ડા મોટર સાઈકલ ઉપર આવી ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ફરિયાદી પાસે દારૂ પીવા માટે પૈસાની માંગણી કરતા ફરિયાદીએ ના પાડતા



એડવોકેટ: રોહીતભાઈ ઘીયા

આરોપી ઉશ્કેરાઈ જઈ ફરિયાદીનું બાવડું પકડી પહેરેલ કપડા ફાડી નાખી, તેમજ ગળામાં પહેરેલ ૩ તોલાનો સોનાનો ચેન લૂંટી દીકરીઓ રાડો પાડતા ફરિયાદીનો ભત્રીજો દિનેશ રવજીભાઈ શીંગાળા આવી ગયેલ અને વચમાં પડતા આરોપીએ તેની પાસે રહેલ છરી વડે દીનેશ ઉપર હમલો કરેલ. જે ગુન્હા કર્યા અંગેની ફરિયાદીએ ફરિયાદ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા આરોપીની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવેલ અને કોર્ટમાં રજુ કરતા ટ્રાયલ કોર્ટ દ્વારા કેસ કમીટ કરી સેશન્સ કોર્ટમાં આરોપીની પ્લી લેવામાં આવેલ અને આરોપીએ કેસ ચલાવવાની માંગણી કરેલ અને સેશન્સ કોર્ટમાં કેસ ચાલતા બચાવ પક્ષે રોકાયેલ એટવોકેટની દલીલોને ધ્યાને લઈને કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા તથા હર્ષ રોહીતભાઈ ઘીયા રોકાયેલ હતા.

# કાલે મંગળવારે અંગારકી ચોથ સંકષ્ટ ચતુર્થી

કાલે મંગળવારે અંગારકી ચોથ-સંકષ્ટ ચતુર્થી.. પંચાગના નિયમ પ્રમાણે પોષ વદ ત્રીજને તા.૧૦ ના મંગળવારે અંગારકી ચોથ છે-સંકષ્ટ ચતુર્થી છે. સામાન્ય રીતે મંગળવાર અને ચોથ આવે તો તેનું મહત્વ વધી જાય છે. પરંતુ ખાસ કરીને વદ પક્ષમાં ચોથને મંગળવાર આવે તો તેને અંગારકી ચોથ કહેવામાં આવે છે.

મંગળવારે સંકષ્ટ ચતુર્થીના દિવસે આખો દિવસ ઉપવાસ રહેવો. ઉપવાસમાં આખો દિવસ ફળ દુધ, દહીં, છાશ લઈ શકાય, તે સિવાયની વસ્તુઓ લેવી નહીં. દિવસ આથમ્યા પછી ગણપતીદાદાનું પૂજન કરવું. પૂજનમાં દાદાને દુર્વા, લાલ ગુલાબની પાંખડી ચડાવવી વધારે ઉત્તમ ગણાય. પૂજન પૂર્ણ થયા બાદ ગણપતીદાદાને ભાખરીના ગોળવાળા ૨૧ લાડુ અર્પણ કરવા. ૧૧ અથવા ૭ લાડુ પણ ધરી શકાય નાના લાડુ પણ બનાવી અને ધરી શકાઈ છે ત્યારબાદ આરતી કરી ચંદ્ર દર્શન કરી પછી ધરાવેલા લાડુ અને દહીં, છાશનો પ્રસાદ લઈ શકાય.

અંગારા કી ચોથનું ફળ:- લોકોને જીવનમાં વારંવાર મુસીબતો આવતી હોય અને જેવોને પોતાના રહેવા માટેનું મકાનનો હોઈ વ્યાપાર-ધંધામાં નોકરીમાં મુસીબત હોય તથા જેની કુંડળીમાં મંગળ ભારે હોય, મંગળ દોષ હોય, મંગળ નબળો હોય તેવા લોકોએ ખાસ કરીને આ અંગરકી ચોથનું વ્રત કરવું ઉત્તમ ફળ દાયક રહેશ આ અંગારકી ચોથના દિવસે સંકટનાશન ગણપતિ સ્તોત્રના પાઠ કરવા અથવા તો ગણપતિ અથર્વશીર્ષના પાઠ કરવાથી જીવનની મુસીબતો દૂર થશે ગણપતિદાદા તેમના વિઘ્નો દૂર કરશે. ગણપતિ દાદાને વિઘ્નહર્તા કહેવામાં આવેલ છે ગણપતિ દાદાએ ચંદ્રને વરદાન આપેલું ભાદરવા સુદ ચોથના દિવસે જે લોકો તારા દર્શન કરશે તેઓના ઉપર મુસીબત આવશે તથા તે સિવાયની આવતી ચોથના દિવસે દર્શન કરશે અને મારૂ વ્રત કરશે મારૂ પૂજન કરશે તો તેઓની મુસીબત વિઘ્નો દૂર કરીશ તથા મંગળવારે આવતી ચોથને સંકટ ચતુર્થી કહેવાશે. એક બીજી કથા પ્રમાણે મંગળ ગ્રહ દેવે મંગળવારના દિવસે ગણપતિ દાદાનું વ્રત કરેલું અને ગણપતિ દાદાએ વરદાન આપેલું કે મંગળવારના દિવસે વદ ચોથ તિથી આવશે તો તેને સંકષ્ટ ચતુર્થી કહેવાશે અને આ દિવસે જે કોઈ લોકો મારી પૂજા કરી અને વ્રત કરશે તેમના બધા જ સંકટ દૂર કરીશ આમ સંકટ ચતુર્થીના દિવસે ગણપતિ દાદાનું પૂજન તથા દાદાને લાડુનો થાળ ધરાવવો તથા ઉપવાસ કરવો જીવનની બધી જ મુસીબતો દૂર થશે...ચંદ્ર દર્શનનો સમય રાત્રે ચંદ્ર ઉદય રાત્રે ,૯.૧૭ કલાકે છે.



શાસ્ત્રી રાજદીપ જોષી
(વૈદાંતરત્ન)







**રાજ્યના વિવિધ શહેરોમાંથી ૨૫૦ શ્વાનોએ ભાગ લીધો**

# રાજકોટમાં યોજાયો ડોગ-શો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૯

રાજકોટ શહેરના સૌરાષ્ટ્ર-કચ્છ પેટ ટ્રેડર્સ અને બ્રિડર્સ એસોસિએશન દ્વારા રવિવારે ડોગ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૩૦ થી વધુ બ્રિડના ૫૦૦ થી વધુ શ્વાનોએ ભાગ લીધો હતો. આ શોમાં ૫૦૦ ગ્રામના વજનથી ૧૦૦ કિલોના કદાવર શ્વાન જોવા મળ્યા હતા. સમગ્ર શો આયોજનમાં પ્રમુખ ભુવનેશ પંડ્યા, અરૂણ દવે, રણજીત ડોડીયા, આશિષ ધામેચા સહિતની ટીમે સુંદર વ્યવસ્થા કરી હતી. આ શોના નિર્ણાયક તરીકે પૃથ્વી પાટીલ (બરોડા) અને યશ શ્રીવાસ્તવ (ભોપાલ) રહ્યા હતા. આ શોમાં સમગ્ર ગુજરાત રાજ્યના વિવિધ શહેરોમાંથી ૨૫૦ શ્વાનોએ ભાગ લીધો હતો. આ શોનું ઉદ્‌ઘાટન કલેકટર અરૂણ મહેશ બાબુના વરદ હસ્તે કરાયું હતું. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ડોગ-શોની મુલાકાત લઈને વિવિધ માહિતી મેળવીને આયોજનની પ્રશંસા કરી હતી.(૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
ADVERSITING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs.
+5%GST
મિનીમમ ૫ લાઈન ફરજીયાત
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# વોર્ડ નં.૧૩માં નવી આંગણવાડી કેન્દ્રની મુલાકાત લેતા મ્યુ.કમિશનર




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૯

આજે મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ વોર્ડ નં. ૧૩માં ખોડીયારનગર કે. કે. કોટેચા સ્કૂલ પાસે બનતી નવી આંગણવાડી કેન્દ્રની સ્થળ મુલાકાત કરી તેમજ વોર્ડ નં. ૧૩ની વોર્ડ ઓફિસમાં ટેક્સ, બાંધકામ, ડ્રેનેજ, વોટર વર્કસ, સ્કૂલ, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, લાઈબ્રેરી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને ટાઉન પ્લાનિંગ વગેરે સંબંધી મુદ્દાઓની સમીક્ષા કરી હતી. વોર્ડ નં.૧૩માં ખોડીયારનગર કે. કે. કોટેચા સ્કૂલ પાસે મહાનગરપાલિકા દ્વારા નવી આંગણવાડી બનાવવામાં આવી રહી છે હાલ તેનું ફૂટીંગનું કામ ચાલુ છે. મ્યુનિ. કમિશનરએ આંગણવાડી કેન્દ્રના બાંધકામનું નિરીક્ષણ કર્યું હતું ત્યારબાદ તેની બાજુમાં આવેલ હયાત શુલભ શૌચાલયને રીનોવેટ કરવાની સંબંધિત અધિકારીને સુચના આપી હતી.

# સંગીત-વાંસળીવાદન ક્યારેય અટકશે નહીં, આ એક એવી કલા છે જે ભણવાની નથી સાંભળવાની છેઃ પંડિત ચોરસિયા

**વ્યક્તિની આવડત જ તેની ઓળખાણ છેઃ પૈસા કમાવવા હોય તો અન્ય કોઈ વ્યવસાયમાં જોડાય જાવ, પરંતુ સંગીત તો સાધના-પ્રાર્થના છે**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૯,

સંગીત-વાસંળીવાદન એ ક્યારેય અટકશે નહીં. તે નિરંતર ચાલશે. આ એક એવી કલા છે કે જે ભણવાની નથી તેને સાંભળવાની છે. જ્યારે પણ કોઇ માતા-પિતા ગાઇ છે તો તેના બાળકો તેની પાસેથી શીખે છે. સમય જતા તે ખુદ ગાવા લાગશે. તે મોટું થશે તો પણ તેને યાદ રહેશે કે આ ગીત-સંગીત તેને તેના માતા- પિતા પાસેથી સાંભળ્યું છે. આ એક એવી કલા છે કે જે ભણવાની નથી પણ સાંભળવાની છે. જેમ દરેક માતા-પિતા માટે તેના તમામ સંતાનો શ્રેષ્ઠ છે તેવી જ રીતે સંગીતમાં પણ દરેક રાગ સર્વશ્રેષ્ઠ છે.

સમય જતા સંગીતમાં ફેરફાર આવતા હોય છે. જેમ શિયાળા પછી ઉનાળો આવે તેમ. જો તમારે પૈસા કમાવવા હોય તો એન્જિનિયરિંગ કે અન્ય કોઈ વ્યવસાયમાં જોડાય જાવ. પરંતુ સંગીત એ તો સાધના-પ્રાર્થના છે. કલાકારે કેવા ભાવથી ભક્તિ કરી છે, કેવી ભાવનાથી શિખ્યા છો તેના પર આધાર રહે છે.આજના સમયમાં યુવા પેઢી ખૂબ જ સારી રીતે વાંસળી વગાડે છે. તેમજ અત્યારની પેઢીને વાંસળીવાદન કે સંગીત ક્ષેત્રમાં આગળ વધતા જોઉં છું ત્યારે આનંદ થાય છે. જો તમારે પૈસા કમાવવા હોય તો અન્ય કોઇ ક્ષેત્રમાં તમે જોડાય જાવ. જ્યારે સંગીત એ તો પ્રાર્થના છે, સાધના છે, તેમ પદ્મવિભૂષણ પંડિત હરિપ્રસાદ ચોરસિયાએ જણાવ્યું હતું.

વાંસળીમાં તો હાલમાં અનેક પ્રકારની મળે છે. આમ જોવા જઈએ તો વાંસળી એ સાધારણ છે તે કોઈ પણ ખરીદી શકે છે અને વગાડી શકે છે. તેનો આનંદ માણી શકે છે. મેં જ્યારે વાંસળી વગાડવાની શરૂઆત કરી હતી. ત્યારે વાંસળી આટલી સરળતાથી મળતી નહોતી. અત્યારે આ ક્ષેત્રમાં દેશ- વિદેશના કલાકારો જોડાઈ રહ્યા છે.

# લગ્નજીવનમાં નડતર અઢી વર્ષની બાળકીને સાવકા પિતાએ દીવાલ સાથે માથું અથડાવી પતાવી દીધી

## માસૂમ ફુલને પીંખીને સાવકો પિતા કોઠારિયા સોલવન્ટ નજીક બાવળની ઝાડીમાં લાશ ફેંકી નાસી ગયો



ડીસીપી ઝોન-૧ સજજનસિંહ પરમારની એલસીબી-૧ના પીએસઆઇ બોરીસાગરે અને વિજેન્દ્રસિંહ સહિતની ટીમને લીંક મળતા ગાંધીનગર તરફ રવાના થઇ હતી અને આરોપીની રસ્તામાંથી ધરપકડ કરાઇ હતી.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ.તા.૯

શહેરની ભાગોળે કોઠારિયા રોડ પરના રસુલપરામાં રહેતી અઢી વર્ષની બાળકીએ કારખાનામાં કામ કરતી માતા પાસે જવાની શુક્રવારે બપોરે જીદ પકડી હતી તેમજ લગ્નજીવનમાં પણ નડતરરૂપ થતી હોવાથી સાવકા પિતાએ જીદ કરી રહેલી આ બાળકીને ફડાકા મારી ચુપ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બાળકી રડવા લાગતા સાવકો પિતા રાક્ષસ બન્યો હતો અને તેણે આ બાળકીને વાળ પકડી, ગળું દબાવ્યા બાદ દીવાલ સાથે અથડાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી. રસુલપરાના બજરંગ ચોકમાં રહેતા રૂકમણીબેન અમિત શ્રીકાંત ગોર (ઉ.વ.૨૪) શનિવારે સાંજે તાલુકા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને તેમણે પોતાની અઢી વર્ષની પુત્રી અનન્યા અને તેનો પતિ અમિત ગોર તા.૬થી લાપતા થયાની જાણ કરી હતી, રૂકમણીબેને અમિત ગોર સાથે આઠ મહિના પૂર્વે જ બીજા લગ્ન કર્યા હતા અને અનન્યા તેની આગલા ઘરની પુત્રી હતી, પોલીસે બાળકી અને તેના પિતાની શોધખોળ શરૂ કરી હતી. ત્યાં રવિવારે સવારે ૧૧.૩૦ વાગ્યે પોલીસને જાણ થઇ હતી કે, કોઠારિયા સોલવન્ટ જૂના ટોલનાકા પાસે બાવળની ઝાડીમાં એક બાળકીની લાશ પડી છે, પોલીસ સ્થળ પર પહોંચતા લાશ અનન્યાનું હોવાનું સ્પષ્ટ થયું હતું, બાળકીના નાક અને માથામાંથી લોહી વહી ગયું હતું તેને મોતને ઘાટ ઉતારવામાં આવી હોવાનું સ્પષ્ટ થયું હતું અને સાવકો પિતા અમિત ગોર લાપતા હોય તે શંકાના દાયરામાં આવ્યો હતો, ડીસીપી ઝોન-૧ સજજનસિંહ પરમારની એલસીબી-૧ના પીએસઆઇ બોરીસાગરે તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા અને આરોપી ગાંધીનગર તરફ ભાગ્યાની માહિતી મળતાં પીએસઆઇ બોરીસાગર અને વિજેન્દ્રસિંહ સહિતની ટીમ તે તરફ રવાના થઇ હતી અને આરોપી અમિત ગોર તેના વતન ભાગી જાય તે પહેલા ગાંધીનગર મહેસાણા રોડ પરથી તેને ઝડપી લઇ રાજકોટ લઇ આવ્યા હતા. આરોપીએ પોલીસ સમક્ષ કબૂલાત આપી હતી કે, પોતે અને રૂકમણી ઉત્તરપ્રદેશના વતની છે, રૂકમણીને સંતાનમાં એક પુત્રી અનન્યા હતી, તેના પતિનું અવસાન થતાં રૂકમણી રાજકોટમાં રહી કારખાનામાં કામ કરી ગુજરાન ચલાવતી હતી, આઠ મહિના પૂર્વે રૂકમણી સાથે અમિત ગોરે બીજા લગ્ન કર્યા હતા. લગ્નજીવનમાં અનન્યા નડતરરૂપ થતી હતી અને જીદ પણ કરતી હતી. પત્ની રૂકમણી ઘરે ન હોવાથી બાળકીને મોતને ઘાટ ઉતારી દીધી હતી.



ફૂલ જેવી અઢી વર્ષની અનન્યાની ક્રૂરતાથી હત્યા કર્યા બાદ અમિત તેની લાશને કોઠારિયા સોલવન્ટ નજીક જૂના ટોલનાકા પાસે અવાવરું સ્થળે ફેંકી આવ્યો હતો, લાશ ફેંક્યા બાદ તે કારખાને કામ કરતી રૂકમણી પાસે ગયો હતો અને તેણે કહ્યું હતું કે, પોતે તથા અનન્યા જતા હતા ત્યારે અકસ્માત થતા પોતે બેભાન થઇ ગયો હતો અને ઇજા થઇ હતી ત્યારે બાળકી અનન્યાને કોણ ઉઠાવી ગયું તેની જાણ નથી, ત્યારબાદ તે પત્ની સાથે ઘરે આવ્યો હતો. પરંતુ પોતાનું પાપ છતું થઇ જશે તેવી ભીતિ લાગતા નાસી ગયો હતો.

ઓફીસ ભાડે આપવાની છે
ગોડલ રોડ પર, રામ ચેમ્બર્સ, પહેલો માળ, ફનિચર સાથે ઓફીસ ભાડે આપવાની છે. ભાડ રૂ.૬૦૦૦
સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭

# સુરત મહાપાલિકા ૧૩૪૪ કરોડનું દેશનું સૌથી ઉંચુ વહીવટી ભવન બનાવશે

**૪ માળ અન્ડરગ્રાઉન્ડમાં ૪૪૦૦ વાહનો પાર્ક થશે, આઇકોનિક વહીવટી ભવન પર હેલિપેડ પણ બનશે, ૭% વીજળી તો સોલાર પેનલથી જ ઉત્પન્ન કરાશેઃ શરૂઆતના ચાર ફ્લોર લોકોની સુવિધા માટે હશે**

**(એજન્સી સમાચાર)**
સુરત.તા.૯

સુરત મહાપાલિકા ૧૩૪૪ કરોડનું દેશનું સૌથી ઉંચુ વહીવટી ભવન બનાવશે. જેમાં ૪ માળ અન્ડરગ્રાઉન્ડમાં ૪૪૦૦ વાહનો પાર્ક થશે. ભૂમિપૂજનના આઠ વર્ષ બાદ નવા વહીવટી ભવનના નિર્માણના ટેન્ડરને શનિવારે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી હતી.

પાલિકાના નવા વહીવટી ભવન નિર્માણ માટે અગાઉ ટેન્ડર જાહેર કરાયા બાદ પણ પ્રતિસાદ ન મળતાં બીજા પ્રયાસમાં સિંગલ ટેન્ડર છતાં PSP એજન્સીને ૧૩૪૪ કરોડનું ટેન્ડર મંજૂર રખાયું હતું. ૮ વર્ષથી વિવાદોમાં અટવાયેલાં પ્રોજેક્ટની કોસ્ટ વધતા પાલિકાએ ૧૦૮૯ કરોડના ખર્ચના અંદાજ સાથે ટેન્ડર જાહેર કર્યાં હતાં.

જોકે શનિવારે ૨૩.૩૩ ટકા ઊંચી કિંમતે ટેન્ડર સોંપાતા પાલિકા પર આર્થિક ભારણ વધવાની પણ સંભાવના વ્યક્ત કરાઇ હતી. ડુમસ સી-ફેસ પ્રોજેક્ટના ઝડપથી વિકાસ માટે ગયા અઠવાડિયે જ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સાથે પાલિકા અધિકારીઓની સંકલન બેઠક મળી હતી. વહીવટી ભવન ૩૬ મહિનામાં બનશે, દક્ષિણ ગુજરાતની ૧૦૫.૪ મીટરની સૌથી ઉંચી બિલ્ડિંગ હશે. આઇકોનિક વહીવટી ભવનના નિર્માણ માટે પાલિકાએ રજૂ કરેલા ૧૦૮૯ કરોડના અંદાજ સામે એકમાત્ર ટેન્ડર PSP પ્રોજેક્ટે ૧૩૬૪ કરોડની બીડ ભરી હતી. જેમાં ૨૦ કરોડનો ઘટાડો પાલિકાએ કરાવ્યો હોવાનું સ્ટેન્ડિંગે જણાવ્યું હતું. આ ઇમારત ૩૬ મહિનામાં સાકાર કરવાની શરતે ટેન્ડર સોંપાયું હતું. જેમાં ૫ વર્ષના ઓપરેશન એન્ડ મેઇન્ટેનન્સને સમાવી લેવાયું છે.

### નવા ભવનમાં ૩૬ લીફ્ટ મુકાશે

હેલીપેડ સાથેની સુવિધા ધરાવતી દ.ગુ.ની સૌથી ઉંચી ઇમારત અને દેશની સૌથી વધુ ઉંચાઇ ધરાવતી સરકારી કચેરી સુરત પાલિકાના સૂચિત નવા વહીવટી ભવનમાં ૩૬ લીફ્ટની સુવિધા રહેશે.

### ૧૫૦૦ કાર અને ૨૯૦૦ ટુ-વ્હીલ પાર્ક થઇ શકશે

ગ્રાઉન્ડ પ્લસ ૨૭ માળની બંને બિલ્ડિંગ શહેરની સૌથી ઊંચી ઇમારત બની જશે. બિલ્ડિંગના ગ્રાઉન્ડથી ૪ માળ સુધી નીચે બેઝમેન્ટ બનશે. જ્યાં ૧૫૦૦ કાર, ૨૯૦૦ ટુ-વ્હીલ પાર્ક થઇ શકશે.

### ૨૦૦ લોકોની ક્ષમતાવાળું બોર્ડ મિટિંગ હોલ બનશે

નવા ભવનમાં જનરલ બોર્ડ મિટિંગ હોલમાં ૨૦૦ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા કરાશે. ૧૦૦ની કેપેસિટીવાળું સ્ટેન્ડિંગ કમિટી હોલ, ૩૫ લોકોની ક્ષમતા વાળા ૬ કમિટી રૂમ, ૫૦ની કેપેસિટી વાળી કમિશનર ઓફિસ હશે.



### સોલાર પ્લાન્ટ સ્થપાશે

૧૦૫.૪ મીટર ઊંચાઇના બે ટાવરના ટેરેસ પર સોલાર પ્લાન્ટ સ્થપાશે. જેથી બિલ્ડિંગમાં વીજળી ઉપકરણો કાર્યરત રહે તે માટે આધુનિક પાવર પ્લાન્ટ પણ ગોઠવાશે. બિલ્ડિંગની સમગ્ર ઓફિસોમાં વપરાશ પાત્ર વીજળી પૈકી ૭ ટકા એનર્જી સોલાર પ્લાન્ટ પર નિર્ભર રહેશે.

### મિટિંગ રૂમ, લાયબ્રેરી સિક્યોરીટી એન્ડ સર્વેલન્સ રૂમ

ટાવર-એમાં કચેરીઓ રહેશે. જેમાં પ્રથમ ૪ માળ સુધી પોડિયમ સ્લોટ એટલે જાહેર જનતાને ઉપયોગી નાગરીક સુવિધા કેન્દ્ર, સિટિંગ એરિયા, મિટિંગ રૂમ, લાયબ્રેરી, સિક્યોરીટી સર્વેલન્સ રૂમ, ચૂંટાયેલી-વહીવટી પાંખની ઓફિસો રહેશે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti


# એરપોર્ટ પોલીસની હદમાં બુટલેગરોને જલ્સા, સબ સલામત!?



## ઉચ્ચ અધિકારીઓ સમગ્ર ચાલતી પ્રક્રિયાને ગંભીરતાથી લેવાને બદલે ઈગનોર કરવામાં માને છે??

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૯

એરપોર્ટ પોલીસ સ્ટેશનની આસપાસ અને તેની હદમાં કુલ ૧૮ જેટલા ગામો આવેલા છે. અહીં દેશીદારૂના હાટડા સહિતની તમામ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃતિઓ વિના રોકટોક ચાલી રહી છે. એટલે સ્વાભાવિક છે કે, લાખોની મલાઈ આવા ગેરકાનૂની તત્વો પાસેથી મળતી હોવાથી એરપોર્ટ પોલીસ સ્ટેશન દ્વારા આવી પ્રવૃતિઓ તરફ આંખ મીચામણા કરી લેવામાં આવ્યા છે. જેના કારણે બુટલેગરો ફાટીને ધુમાડે ગયા છે. તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. નવાઈ તો એ છે કે, રાજકોટ શહેરની પાદરમાં આટલા મોટાપાયે અનેક પ્રકારના ગેરકાયદેસર ધંધાઓના રીતસર હાટડા મંડાયા છે. જે બધાને નરી આંખે દેખાઈ છે. પણ ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબીની આંખને આ ધંધા દેખાતા નથી જેનો સીધો અર્થ એ થયો કે, પોલીસની નાક નીચે ચાલતા આ ધંધાઓ બંધ કરાવવામાં પોલીસને શરમ નડી રહી છે અને હપ્તાની સાંકળોથી કહેવાતા લાંબા હાથ બંધાઈ ગયા છે. ગજવા ગરમ કરતા રહેતા આવા તત્વો તરફથી ધ્યાન હટાવીને અનૈતિક તત્વોને મોકળું મેદાન આપી દેવામાં આવ્યું છે.

એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દેશીદારૂના બુટલેગરો ખુલ્લેઆમ હાટડા ચલાવે છે. પણ પોલીસને ગંધસુધા આવતી નથી. આવા તત્વોના નામ પણ આખી કર્મકુંડળી પોલીસ પાસે છે. કલ્પેશ નામનો એક બુટલેગર તો અનેક જગ્યાએ આવા હાટડા ખોલીને બેઠો છે જ્યાંથી દિવસ-રાત દેશીદારૂનો બેફામ વેપલો થઇ રહ્યો છે. બામણબોરનું નવુંપરૂ નાથાભાઈની વાડી પાસે, જુના હીરાસર ગામ પાસે, કલ્પેશના દેશીદારૂના હાટડા ધમધમી રહ્યા છે. જયારે રણજીત નામનો બુટલેગર બામણબોર જીઆઈડીસી



એરપોર્ટ પોલીસ સ્ટેશનના પી.આઇનો પાવર ક્યારે દેખાશે?? દારૂના વેપલા વહેલીતકે બંધ કરવા ગ્રામજનોની માંગ

ઉત્કર્ષ કારખાના પાસે દેશીદારૂનું પીઠું માંડીને બેઠકો છે. કલ્પેશ નામના બુટલેગરે તો હદ વટાવીને એરપોર્ટની આસપાસ જ દેશીદારૂનો વેપલો ચાલુ કરી દીધો છે. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ એ ખુબ સંવેદનશીલ વિસ્તાર ગણાય છે. પ્રતિબંધિત વિસ્તારની પાસે પણ દારૂના હાટડા ચાલતા હોય ત્યારે એ કહેવું પડે કે, એરપોર્ટ પોલીસ સ્ટેશનની માયા અને મમતા વિના કોઈ બુટલેગર એરપોર્ટ પાસે દારૂ વેચવાની કે બનાવવાની હિંમત કરી શકે નહીં. આ ધંધાઓ કડક પોલીસની સુચનાથી એકાધા દિ જ બંધ રહે છે. પરંતુ પછી ફરીથી જૈસે થૈ જેવી હાલત થઇ જાય છે.

પરંતુ એરપોર્ટ પોલીસ સ્ટેશનના તમામ જવાબદારો અને સ્ટાફની માયા અને મમતાની તો કોઈ હદ છે જ નહીં અને બુટલેગરો સાથે તો એમને ખાસ પ્રિત અને ઘરોબો બંધાઈ ગયા હોય તેમ આવા એક નહીં અનેક દેશીદારૂના બુટલેગરો અહીં ફૂલીફાલી રહ્યા છે અને ફાટીને ધુમાડે ગયા છે. બામણબોર નવાગામ ખાતે દિનેશ નામના બુટલેગરની બોલબાલા છે. અહીં પણ પોલીસ કોઈ કાર્યવાહી કરતી નથી કેમકે હપ્તાખોરીએ એમની આંખો બંધ કરી દીધી છે જેના કારણે કાયદાના લાંબા હાથ ટૂંકા થઇ ગયા છે. આવી રીતે એરપોર્ટ પોલીસ સ્ટેશનના ઉદારીકરણ અને મમતાળુ સ્વભાવને કારણે પોલીસ સ્ટેશન હેઠળનો સમગ્ર વિસ્તાર ગેરકાયદે પ્રવૃતિઓનો હબ બની ગયો છે.

આ વિસ્તારમાં ખુલ્લેઆમ તમામ પ્રકારના ગેરકાયદેસરના ધંધાઓ ચાલી રહ્યા હોવાની માહિતી રાજકોટના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સુધી પહોંચાડવામાં આવતી નથી કે માહિતી પહોંચાડાતી હોવા છતાં ઉચ્ચ અધિકારીઓ કેમ એરપોર્ટ પોલીસ મથકનો કાન આમળતા નથી એ મુદ્દો અને સવાલ શહેરની જનતામાં ચર્ચાનો વિષય બન્યા છે. બેફામ હપ્તાખોરીના હબ તથા ઈંગ્લીશ દારૂના કટિંગના સ્વર્ગ તરીકે વગોવાઈ ગયેલા એરપોર્ટ

### કલ્પેશ, રણજીત, દિનેશ એ બધા નામો એટલે એરપોર્ટ પોલીસ મથક વિસ્તારોના કુખ્યાત બુટલેગરો, તેને શું પોલીસ નહીં ઓળખતી હોય કે તેને છાવરવામાં આવે છે?

પોલીસ સ્ટેશનના સ્ટાફને સીધો દૌર કરવા સીપી કે ડીસીપી ક્યારેક ત્રીજી આંખ ખોલે એવી અપેક્ષામાં આ વિસ્તારના સભ્ય નાગરિકો દિવસો પસાર કરી રહ્યા છે અને ઉચ્ચ અધિકારીઓની આંખ લાલ થાય તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.રાજકોટ મહાનગર જેટલી ઝડપથી આર્થિક, વ્યાપારી અને વસ્તીની દ્રષ્ટિએ ચારેય દિશાઓમાં વિકસિત થઇ રહ્યું છે અને વિસ્તરી રહ્યું છે તેના કરતા પણ અનેક ગણું વધુ ઝડપથી મહાનગરમાં ગુનાખોર અને અનૈતિક પ્રવૃતિઓ પણ પાંગરી રહી છે, ફૂલીફાલી રહી છે અને વિસ્તરતી જાય છે. ખુબ જ ડરામણી ઢબે ગુનાખોર તત્વોનો શિકંજો મહાનગરના જનજીવનને ચારેતરફથી ઘેરી રહ્યો હોય એવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થતું લોકોને દેખાઈ રહ્યું છે. ત્યારે આ શહેરની કમનશીબીએ છે કે, આવી તમામ ગેરકાનૂની અને અનૈતિક પ્રવૃતિઓ ડામી દેવાની અને અટકાવવાની જેમની જવાબદારી છે એ જવાબદાર તંત્રને એવો બેદરકારીનો લુણો લાગી ગયો છે જેના કારણે ગુનાખોર તત્વો દિવસે દિવસે બેફામ બની રહ્યા છે અને બેલગામ થઇ ગયેલા દેખાઈ છે.

### પોલીસ મથકની અતિશય ઘોર ગંભીર બેદરકારી, કોની કૃપાથી ક્યાં કારણે શા માટે ચાલવા દેવાઈ છે આવા ગોરખધંધા, એરપોર્ટ પોલીસ સ્ટેશન ક્યારે હપ્તાની ખાઈમાંથી બહાર નીકળશે?

# રાજકોટમાં શરદી-ઉધરસના ૩૪૫ કેસ નોંધાયા

## એક સપ્તાહમાં ૧૬,૬૬૪ ઘરોમાં પોરાનાશક કામગીરી અને ૮૦૬ ઘરોમાં ફોગીંગ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજકોટ શહેરમાં ગયા સપ્તાહ દરમ્યાન ડેન્ગ્યુનો રોગચાળો નિયંત્રણમાં લાવવામાં રાજકોટ મહાનગરપાલિકા આરોગ્ય વિભાગને સફળતા મળી છે છતાં તાવ અને ઝાડા-ઉલટી જેવા કેસો વધી રહ્યા હોવાથી રોગચાળો પ્રસરતો રોકવા મનપા દ્વારા શ્રેણીબધ્ધ પગલા લેવામાં આવી રહ્યા છે.

ગયા સપ્તાહ દરમ્યાન ડેન્ગ્યુનો માત્ર એક કેસ નોંધાતા આરોગ્યતંત્રને હાશકારો થયો છે. ગયા સપ્તાહે શરદી-ઉધરસના ૩૪૫ કેસ, ઝાડા-ઉલટીના ૭૨ કેસ અને તાવના ૫૩ નવા કેસ નોંધાયા હતા. મેલેરિયા ૨, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાનો એકપણ કેસ મનપાના ચોપડે નોંધાયો નથી. મનપાએ રોગચાળો ડામવા માટે ઘરોમાં પોરાનાશક કામગીરી કરી હતી. જયારે ૮૦૬ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. વ્હીકલ માઉન્ટેન ફોગીંગ મશીનથી પરસાણાનગર, કરણપરા, ફ્લોરા પ્રાઇમ (કણકોટ રોડ) આસપાસનો વિસ્તાર, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, પારીજાત રેસીડેન્સી અને પેલેડીયમ હાઇટસ તથા આસપાસનો



વિસ્તાર, રઘુનંદન સોસા., કૃષ્ણનગર, રાધે પાર્ક (રેલનગર), ગંગોત્રી પાર્ક, શ્રી નાથજી પાર્ક, સમપર્ણ પાર્ક (રેલનગર), ઋષિકેશ પાર્ક (રેલનગર), શ્રી રામ પાર્ક (રેલનગર), પરમેશ્વર પાર્ક અને નિલકંઠ પાર્ક (રેલનગર), ન્યુ રામેશ્વર સોસા., અજંતા ટેનામેન્ટ આસપાસનો વિસ્તાર, સરદારબાગ અતિથિ ગૃહ (સર્કિટ હાઉસ આસપાસનો વિસ્તાર), સિલ્પન આઇકોન આસપાસનો વિસ્તાર, શ્યામ એન્કલેવ (શ્રી રામ સોસા.), પંચશીલ સોસા., પોપટપરા શેરી નં. ૧ થી ૧૬ તથા મે. રોડ, શિવનગર, રાધાકૃષ્ણનગર, કિંગ હાઇટસ અમીન માર્ગ આસપાસનો વિસ્તાર, સરસ્વતી સોસા., પારસ સોસા. વિરાટનગર, પરમેશ્વર પાર્ક, પુજા પાર્ક, રામેશ્વર પાર્ક, જમુના પાર્ક, પટેલ પાર્ક, શ્રી હાઉસિંગ કો. ઓ. સોસા., આદર્શ હાઉસિંગ કો. ઓ. સોસા., કોઠારીયા કોલોની વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે. ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાંક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔદ્યોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાંક સિવાય અન્ય ૫૮૬ પ્રીમાઇસીસ (બાંધકામ સાઇટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઇન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી / પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૪૩૩ અને કોમર્શિયલ ૮૪ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

## સાણથલી નજીક ટ્રાવેલ્સ બસમાંથી ૧૦.૫૧ લાખનો દારૂ ઝડપાયો, પોલીસકર્મી સહિત ચાર આરોપીની ધરપકડ

રાજસ્થાન-હરિયાણાથી આવતી સ્લીપર કોચ બસમાં ચોરખાનું બનાવી દારૂ છુપાવ્યો હતો, એક વાડીમાં મુદ્દામાલ ઉતારતા હતા ત્યાં જ પોલીસ ત્રાટકી દારૂનો જથ્થો, મોબાઈલ ફોન મળી રૂ.૨૧.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી






# આજીડેમ ચોકડી પાસેથી ૧૨ વાછરડા ભરેલો ટ્રક સાથે ત્રણ પકડાયા, ફરિયાદમાં એક આરોપીનો જ ઉલ્લેખ??!

## આજીડેમ પોલીસે ટ્રકચાલક જગદીશ સુનીલભાઈ જાની સામે પશુ પ્રત્યે ઘાતકીપણા સહિતનો ગુનો નોંધ્યો પરંતુ રામદેવસિંહ ગોહિલ અને બલુભાઇ ગોહિલના નામ આરોપી તરીકે ફરિયાદમાં ન બતાવવા પાછળનું કારણ શું??

## ત્રણેય આરોપીની અટકાયત કરવામાં આવી જ છે તેવું આજીડેમ પોલીસનું રટણ

### કોઈ મોટાગજાની વ્યક્તિએ સમગ્ર પ્રકરણમાં ભાગ ભજવ્યો હોવાની કાં તો પોલીસે ફુલવડી પકાવ્યાની પણ ચારેકોર ચર્ચા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૯

શહેરમાં સંતકબીર રોડ પર રહેતા પ્રતીક દિલીપભાઈ ચંદારાણા નામના યુવાને શંકાસ્પદ આઈસરને અટકાવી તપાસ કરતા તાલપત્રી વડે ઢાકેલા ૧૨ વાછરડા મળી આવતા જાણ કરી ફરિયાદ નોંધાવતા આજીડેમ પોલીસે ટ્રકચાલક જગદીશ સુનીલભાઈ જાની સામે પશુ પ્રત્યે ઘાતકીપણા સહિતનો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. ત્યારે સમગ્ર ઘટનામાં એક નવો વણાંક આવ્યો છે. ફરિયાદીએ પોલીસ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે પોલીસે સમગ્ર પ્રકરણમાં કોઇ યોગ્ય કાર્યવાહી કરી નથી અમારા દ્વારા ટ્રક સાથે ત્રણ આરોપીઓને પોલીસને આપવામાં આવ્યા હતા અને પોલીસ ત્રણેય આરોપીને પોલીસ પકડીને આજીડેમ પોલીસ સ્ટેશન ખાતે લઇ ગઇ હતી. પરંતુ ફરિયાદ જ્યારે કરવામાં આવી ત્યારે ફરિયાદમાં આરોપી તરીકે તો ખાલી જગદિશભાઇ સુનીલભાઇ જાનીનું જ નામ આપવામાં આવ્યું હતું.

અમારા દ્વારા પોલીસના તપાસ કરતા અધિકારી હરેશ ધરેજીયાને પુછતા તેઓએ એમ જણાવ્યું હતું કે ત્રણેયની અટકાયત તો કરવામાં આવી જ છે ટ્રક પણ જપ્ત કરવામાં આવ્યો છે. પરંતુ જગદિશ સુનીલભાઇ જાનીના નિવેદન મુજબ અન્ય બે આરોપીની અટકાયત કરવામાં આવી છે. ચાર્જસીટમાં ત્રણેય આરોપીના નામનો ઉલ્લેખ છે. પરંતુ સમગ્ર પ્રકરણમાં વિચારવા જેવી વાત એ છે કે ટ્રક સાથે જો ત્રણેય આરોપીની ધરપકડ કરવામાં આવી હતી તો ફરિયાદમાં કેમ ત્રણેયના નામ આરોપી તરીકે બતાવવામાં ન આવ્યા. ત્રણેય ટ્રકની સાથે જ જતા હોવા છતાં પણ જગદિશ જાનીને જ એફઆઇઆરમાં આરોપી કેમ બતાવવામાં આવ્યો? સાથે રહેલા રામદેવસિંહ ગોહિલ અને બલુભાઇ ગોહિલ શું આરોપી ન હતા?? તે પ્રશ્ન સર્જાર્યો છે. એક ચર્ચાતી વિગત મુજબ સમગ્ર પ્રકરણમાં ઉપરથી કોઇ મોટા માથાના દબાણને લીધે અથવા તો કંઇક પામી લેવાની લાલસાએ બે આરોપીને

### ચાર્જસીટમાં ત્રણેય આરોપીનો ઉલ્લેખ કરાયો છેઃ આજીડેમ પીઆઇ કરપડા

આરોપી તરીકે બતાવવામાં નથી આવ્યા અને પછી રેલો આવતા ચાર્જશીટમાં નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ અંગે આજીડેમ પીઆઇ કરપડાનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે ભલે આરોપી તરીકે એકનું જ નામ હતું પરંતુ ચાર્જશીટમાં ત્રણેયના નામનો ઉલ્લેખ કરાયો જ છે. સમગ્ર ઘટનાએ અનેક ચર્ચાઓ બજારમાં જગાવી છે અને ફરીયાદીએ પોલીસ પર આક્ષેપો કર્યા છે અને જણાવ્યું છે કે સમગ્ર પ્રકરણની તટસ્થાથી તપાસ થાય તેવી માંગણી પણ કરી છે. પોલીસની આ અંગેની શું ભુમીકા હતી તે પણ આગામી દિવસોમાં બહાર આવશે તેવી શક્યતા છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.